# અધ્યાત્મ



Summit

વર્ષ : ૧૪

અંક : ૬

માર્ચ—૧૯૮૩

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.


## Form–IV ( See Rule–8 )

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Naratan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 10 th, March 1993

Narayan H. Jani
Publisher.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫–૮–૧૯૨૧

નિર્વાણ : ૧૮–૩–૧૯૮૪

# * પ્રભુપ્રેમ *

પ્રભુપ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં,
પ્રેમ પાવો વાગી ગયો મારા પ્રાણમાં. પ્રભુપ્રેમ૦

નામના જપમાં જોડાયું ચિત્તડું,
જૂનું સંભળાયું સુરતાનું ગીતડું,
મંગલ મૂર્તિ રમે મારા ધ્યાનમાં. પ્રભુપ્રેમ૦

રોમરોમ રંગાયાં રંગભીના રાગથી,
અંજાયો આતમ અનેરા અનુરાગથી,
હંસલો લાગી ગયો એના તાનમાં. પ્રભુપ્રેમ૦

બંધન તૂટી ગયાં સર્વ છેવટે,
ક્રંદન છૂટી થયાં ભવને તટે,
અંતર ડૂબી ગયું રસપાનમાં. પ્રભુપ્રેમ૦

— યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| કબીર–સુધા | ઈશ્વરભાઈ પ્ર. ભક્ત (પરમાર્થી) | ૧૧ |
| યુગ પુરુષ શ્રી યોગેશ્વરજી | નારાયણ હ. જાની | ૧૭ |
| ગાંધીજી અને સત્ય | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૫ |
| વિજોગે રુદિયો વલવલે... | હરબાળા દવે | ૩૨ |
| કેમ તરીએ? | દુર્લભજી ભક્ત–સ્યાદલા | ૩૩ |
| શેં ભૂલું | મધુરમ્ | ૩૩ |
| વિશ્વાસ વિભુમાં મૂકીને | વિઠ્ઠલભાઈ મકવાણા | ૩૪ |
| પાથેય | ગોરધનભાઈ કલોલા (કલ્યાણ) | ૩૫ |
| નારી શક્તિ | પ્રાગજી ડોસા | ૪૩ |
| હિમાલયના હિમશિખરેથી–પત્ર ગંગા | શ્રી સુરેશભાઈ શાહ | ૪૬ |
| સર્વસમર્પણ | ઝિઝુવાડિયા કનૈયાલાલ | ૫૧ |
| પરમ રહસ્ય | બળવંત ઓઝા (સફર) | ૫૯ |
| આવો અવસર ફેર ન આવે | — | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * આભારી છીએ *

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધાભક્તિ ધરાવતાં અમેરિકામાં વસતાં ભાઈબહેનો-એ અધ્યાત્મના માર્ચ–૯૩ ના અંકના પ્રકાશનનો બધો ખર્ચ આપવા ઠરાવ્યું છે. તે બદલ અમો તે સહુના આભારી છીએ. તેઓની આવી સહાયના પરિણામે જ અધ્યાત્મનું ભારતનું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૧૫/– રાખવા શક્તિમાન્ થયા છીએ. નહિ તો પડતર કિમ્મતે તે રૂા. ૫૦/– થી ઓછું ના પોસાય.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ માર્ચ–૧૯૯૩ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૮–૨–૮૧, રવિવાર, મહા સુદ ચોથ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

નિયમ મુજબ રાત્રે પૂ. શ્રી ૧૨ થી ૩ જપ કરી લે છે. ૩ થી ૫ સર્વેશ્વરી પણ જપ–વાંચન કરે છે. મહાપુરુષની સાથે રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું તો એમના જેવા વ્રતનિયમો પણ પાળી શકાય એ નોંધપાત્ર બીના ગણાય.

ગઈકાલથી નારદભક્તિસૂત્રનાં સૂત્રોની સમજ પૂ. શ્રીએ શરૂ કરી છે. પ્રથમ અધ્યાયનાં ૬ સૂત્રો સમજાવ્યાં જેમાં ભક્તિ એટલે પ્રભુનો પ્રેમ પ્રગટવો, ભક્તિ અમૃત સ્વરૂપ છે, ભક્તિથી પુરુષ સિદ્ધ બને છે, અમૃતમય બને છે, સંતોષી બને છે. ભક્તિને મેળવવાથી બીજી કોઈ ઈચ્છા રહેતી નથી. શોક, દ્વેષ રહેતા નથી.



વિષયોમાં રસાસ્વાદ લેવાનો ઉત્સાહ રહેતો નથી. ભક્તિથી માનવ મસ્ત બને છે, સ્તબ્ધ બને છે, આત્મામાંથી આરામ, આનંદ મેળવવા શક્તિમાન્ બને છે. આત્માના આનંદ માટે બહાર ફાંફાં મારવાં પડતાં નથી.

આ રીતે ટૂંકમાં ભક્તિનાં સૂત્રના સારાંશની નોંધ કરી લીધી. ત્યારબાદ આજની મુલાકાતના પ્રસંગની થોડી નોંધ કરીએ. સમય થતાં પૂ. શ્રી બહાર આવે છે. સૂર્યનારાયણની તમ છાયામાં સૌ બેઠક લે છે.

કોઈ એક ભાઈના પ્રશ્નમાં પૂ. શ્રી પોતાની માંદગીની વિગતવાર વાતો કરે છે. આજે રવિવાર હોવાથી ભક્તોની સંખ્યા વધી ગઈ છે. બહાર મેદાનમાં સૌ ધીમે ધીમે આવતા જાય છે.

વ્યાસપીઠ પર કોણ બેસી શકે એની ચર્ચા કરતાં કહ્યું કે :

'તે વિપ્રનર પેર પૂજાંવહીં.'

બ્રાહ્મણો પાસે પૂજા કરાવશે, ગમે તે જાતિના માણસો વ્યાસપીઠ પર બેસશે, તે કલિયુગનાં લક્ષણો છે,

**પ્રશ્ન :** પ્રવચન સાંભળી મોહ ઉતર્યો છે. તો ભણીને સેવા કરવી છે!

**પૂ. શ્રી :** મોહ ઉતર્યો છે તો ઘણું સારું છે. ગુરુપદે સ્થાપવાની વાતમાં મારે શું કરવાનું? દ્રોણાચાર્યે કશું કરવાનું ન હતું. એકલવ્યનું કામ છે. સ્વપ્નામાં તો કોઈ વિધિ નથી, પણ મંત્ર યોગ્ય ન હોય તો માર્ગદર્શન લો. હૃદયમાં ગુરુને સ્થાપો ને આ હમણાં ઉભરો છે, પછી ઠંડા ચિત્તે વિચારજો. ધ્યાન, જપ કરો. પવિત્ર, સદ્‌ગુણી, સદાચારી જીવન જીવો. આર્થિક સ્થિરતા માટે ભણો. જીવન ભજન સાધનામાં વ્યતીત કરો. સેવાનું વ્રત લઈ શકો.

**પ્રશ્ન** : દીક્ષા લેવાની જરૂર છે?

**પૂ. શ્રી** : મંત્રદીક્ષાથી મંત્રમાં તાકાત આવે પણ દીક્ષા આપનાર કોઇ યોગ્ય પાત્ર તો મળવું જોઇએ ને? યોગ્ય ગુરુ ન મળે ત્યા સુધી શું બેસી રહેવું? આપણે ભગવાનથી દીક્ષિત જ છીએ. અનંત કાળથી પ્રભુ સૌના ગુરુ છે. તમને જે યોગ્ય લાગે તે મંત્ર જપો. મને દીક્ષાગુરુની જરૂર ન લાગી. જેને જોયા તેના કરતાં હું જ વધુ યોગ્ય છું, એમ લાગ્યું. સમાધિવસ્થામાં જગદંબાએ ગુરુનું રૂપ ધારણ કરીને મને દીક્ષાની મોહિની હતી તે પૂરી કરી.

પોતે ગુરુ વગરનો છે, 'ન ગુરો'—એટલે ચિંતા શરૂ થશે. "મારે ગુરુ નથી. મંત્ર પહોંચશે કે નહીં." એટલે ગમે તેની સાથે ભટકાઇ જવાની કે ગુરુ સાથે બંધાઇ જવાની પ્રકૃતિ શરૂ થાયે. તેમાં ગમે તેની સાથે જોડાઇ જવું પડે ને ગુરુ કર્યાનો સંતોષ લઇ લીધો, પણ પ્રભુને ગુરુ કર્યા જ છે. એમ માની લો ને. અને જો પ્રભુને યોગ્ય લાગે તો માનવરૂપે પ્રભુ આવે પણ છે.

**પ્રશ્ન** : તમે કોઇના ગુરુ થવા માંગતા નથી પણ કોઇ તમને ગુરુ માને તો?

**પૂ. શ્રી** : જે ગુરુ માને તેનું કાર્ય એકલવ્યની જેમ પૂર્ણ થાય છે. દ્રોણાચાર્યને તો ખબર પણ ન હતી. જેની સાથે માનસિક સંબંધ બાંધ્યો તો ગુરુ જેવું જીવન જીવવાની પ્રેરણા લેવી. ગુરુ માનો, વાંધો નથી. પણ સીધા ચાલો. કોઇ એમ ન કહે કે તમારા ગુરુ આવા ને તમે ડફોળશંકર. નાનજી કાલીદાસ જેવા પવિત્ર ધાર્મિક માણસની પેઢીમાં કામ કરો છો ને તમે ભ્રષ્ટાચારી બનો છો? એટલે મને ગુરુ માને તેમાં વાંધો નથી. કોઇનું કલ્યાણ થતું હોય તો મને વાંધો નથી.



**પ્રશ્ન** : આંખની મુશ્કેલી માટે શું કરવું?

**પૂ. શ્રી** : બ્રહ્મચર્ય પાળો. વીર્ય શરીરનો રાજા છે. શીર્ષાસન સર્વાંગાસન કરો. રાત્રે વાંચન બંધ કરો. આંખને ઠંડા પાણીથી ધુવો.

**પ્રશ્ન** : ખેચરી મુદ્રા વિશે કંઇક સમજ આપશો?

**પૂ. શ્રી** : ખમ્ એટલે આકાશ. આકાશમાં ઉડી શકવાની શક્તિ. ખેચરી મુદ્રામાં જીભ લાંબી જોઇએ. જીભ નાકના ટેરવે લાગે તો તે સર્પજીહ્વા કહેવાય. જીભ તાળવે લગાડો તો અમૃત પીતા હોય એવો અનુભવ થશે. પરિણામે લાંબા ગાળે સમાધિદશા પ્રાપ્ત થશે.

પણ રામકૃષ્ણદેવ કહે મંદિરમાં જવાના બે રસ્તા—આગળનો પવિત્ર ને ચોખ્ખો. પાછળનો અપવિત્ર ને ગંદો. તો આપણે સારા જ માર્ગે જવું શું ખોટું? આ ખેચરી માર્ગ કઠિન છે. એ જીભને લાંબી કરવામાં કંઇક વિઘ્ન પણ આવે. એના કરતાં નામજપ સર્વશ્રેષ્ઠ છે.—નેશનલ હાઇવે છે. જીભ કાપવાથી સમાધિમાં જતાં પણ મન સાત્ત્વિક બનશે નહીં. મનની સુધારણા માટે જે માર્ગ છે તે જ પકડો. નાક, કાન, ભસ્મ, પગમાં ઘુઘરા બાંધવાથી કે કાપવાથી પ્રગતિ થતી નથી. મન સાત્ત્વિક બનાવવા પ્રયત્નો કરો. તો જ શાંતિ મળશે. જીવનમુક્તિ માટે ખેચરીની અનિવાર્ય આવશ્યકતા નથી. સંકલ્પ દુઃખનું કારણ છે. પૂર્ણ થાય કે અધૂરો રહે તો પણ દુઃખદ છે.

**પ્રશ્ન** : સર્વ સમર્પણભાવ વાળા શિષ્યો જ ગુરુ પાસેથી (કંઇક) મેળવી શકે?

**પૂ. શ્રી** : ૩૫%, ૪૦%, ૯૦% વાળા પણ પાસ તો થાય

જ. થોડી વધારે શ્રદ્ધા ને સમર્પણભાવ વાળા હોય. બધાને પોતપોતાની પાત્રતા પ્રમાણે મળ્યા કરે છે.

પ્રશ્નોત્તરીમાં આજે એક વાગી ગયો. રવિવાર હોવાથી પૂ. શ્રી ખાસ વધુ સમય આપે છે.

ભોજન બાદ આરામ. ત્યારબાદ લેખન સાંજે પ્રવચન પછી આરામ. હરિઃ ૐ

**તા. ૯-૨-૮૧, સોમવાર, મહા સુદ પાંચમ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

આજે પણ નિત્યક્રમ નિયમ મુજબ શરૂ થયો. સાડા અગિયારે પૂ. શ્રી મુલાકાત માટે બહાર આવે છે, અને પ્રશ્નોત્તરી શરૂ થાય છે. મુલાકાતીઓની સંખ્યા ૩૦-૩૫ જેટલી છે.

**પ્રશ્ન :** સંતોની હયાતી બાદ જ તેઓ પૂજાય એનું કારણ શું?

**પૂ. શ્રી :** નરસિંહ મહેતા, મીરાંબાઇ, જ્ઞાનેશ્વર, તુકારામ સૌને એ રીતે થયું. જીવન દરમ્યાન આટલું માન ગાંધીજીને જ મળ્યું. પ્રભુમાર્ગને જલ્દી સમજે પણ નહીં ને માન પણ ન આપે. ઘણાં માનવોને એવી નિંદા-ટીકાની ટેવ પણ ખરી. માનનારા થોડા ને હેરાન કરનારા વધારે. પાછળની પેઢી માન આપતી થાય.

**પ્રશ્ન :** કોઇપણ મંદિરમાં પોતાના ઇષ્ટના જ જપ કરીએ તો ચાલે?

**પૂ. શ્રી :** ચાલે. એમાં નુકસાન નથી. ગાયત્રીના ઉપાસકે હનુમાનજીના મંદિરમાં હનુમાનજીનો શ્લોક બોલ્યો ને પ્રાર્થના કરી કે હે હનુમાનજી તમે મારી ગાયત્રી માતામાં શ્રદ્ધાભક્તિ વધારો. એવા મને આશીર્વાદ આપો. તો અહીં તે ભગવાનની સ્તુતિ પણ થઇ ને પ્રાર્થના પણ કરી લીધી.



**પ્રશ્ન :** શ્રીકૃષ્ણ કરતાં કનૈયા, કનૈયાના જાપ કરીએ તો? હાલતાં ચાલતાં જપ કરી શકાય?

**પૂ. શ્રી :** ચાલે, પણ શ્રીકૃષ્ણ નામ મધુર છે. શિષ્ટ છે. કનૈયા કરતાં શ્રીકૃષ્ણ વધારે સારું છે. હાલતાં ચાલતાં જપી શકાય. તેને બેસીને જપવું પણ જરૂરી છે. બેસીને જપ કરવાના પરિણામમાં મન ધીરે ધીરે એકાગ્ર થાય. બહારનું જગત ભૂલી જવાય, ભાવ સમાધિ થાય, પ્રેમાશ્રુ આવે અને એ સ્થિતિમાં પ્રભુની કૃપા હોય તો દર્શન વાતચીત પણ થઇ શકે. હરતાં ફરતાં મન તો બહારના પદાર્થોમાં રહે જ. હાલતાં ચાલતાં જપ કરી શકાય. મંત્ર અશુદ્ધ નથી. ગમે તે સ્થિતિમાં જપો. સિવાય કે અનુષ્ઠાન પુરશ્ચરણમાં શુદ્ધિ જરૂરી છે. પ્રભુપ્રીતિ માટે, માનસિક શાંતિ માટે જપ કરવામાં કોઇ વિધિ નથી. શાસ્ત્ર કહે છે જપ કરવાથી આંતર ને બાહ્ય શુદ્ધિ થઇ જ જાય છે. માયામાંથી તારે, મનથી તારે તે મંત્ર. તે મંત્ર ભગવાનનું નામ જ છે. દરેક મંત્રની આગળ ૐ લગાવવું સારું છે.

**પ્રશ્ન :** એકલો ૐ જપી શકાય?

**પૂ. શ્રી :** જપી શકાય. રૂચિનો પ્રશ્ન છે. મહર્ષિ વ્યાસે જ્યારે ૐ જપનું કહ્યું છે ત્યારે કોઇ શરત મૂકી નથી. સંન્યાસી, ગૃહસ્થ સ્ત્રી-પુરુષ સૌ કોઇ જપી શકે. મનુષ્ય માત્ર જપી શકે. પાછળથી ઘણા વિચારો આવ્યા, જેમાં સંસારીથી ૐકાર ન જપાય. એ વિચારધારાથી વાડ ઉભી કરી. ૐકાર એ વેદમંત્ર છે. હું પરમાત્મા સ્વરૂપ છું, શુદ્ધ, બુદ્ધ, મુક્ત છું. એ અર્થ છે. એને જપવાથી ખરી રીતે તો ગૃહસ્થી અલિપ્ત રહી શકે. કોઇપણ વાતોમાં શાસ્ત્રપ્રમાણ હોવું જોઇએ. વેદ, ઉપનિષદ ને ગીતા. તે સિવાય પુરાણો જે

રામાયણ, મહાભારત એ સૌમાં પાછળથી ઉમેરાયેલી વાતો– ક્ષેપકોમાં છે, એ કરતાં વેદ, ઉપનિષદ, ગીતા એ જ શાસ્ત્રો છે. અને એમાં જે વાત છે તે જ પ્રમાણ છે. માનવા યોગ્ય છે.

(આ વાતોના અનુસંધાનમાં મુગટરામ મહારાજ, ગોદડીયા મહારાજ, માણેકરાવ, યોગી ભૈરવ જોશીની વાતો થઇ, સંસારી પણ યોગી થઇ શકે.)

**પ્રશ્ન** : ગુરુમંત્રને સિદ્ધ કરવા કેટલી માળા કરવી?

**પૂ. શ્રી** : સિદ્ધ એટલે શું તે સમજી લો. મંત્રજાપથી પ્રેમ પેદા થવો જોઇએ. લગન લાગવી જોઇએ. વ્યાકુળ સ્થિતિથીજ દર્શન થશે. રોજ જેટલા કલાક જાપો એટલા ઓછા છે. જેટલા વધુ જાપો તે લાભમાં જ છે.

**પ્રશ્ન** : સમય મળતો નથી, પૂજામાં દોઢ કલાક થાય છે તો જપ ક્યારે કરું?

**પૂ. શ્રી** : પૂજાનો સમય ઓછો કરો. ચટણી, પાપડ, અથાણાં ઓછાં જમો. માલપાણી જ લો. બધા ફોટાને ચંદન કરી પ્રણામ કરી લો. પછી ઇષ્ટદેવના જ જપ કરો. હાથીના મોટા પગલામાં બધાં નાનાં પગલાં સમાઇ જાય, તેમ તમારા ઇષ્ટદેવમાં સર્વ દેવ સમાઇ જાય છે. માટે રોજ સવાર–સાંજ દોઢ દોઢ કલાક તે માટે આપો.

પ્રશ્નોત્તર પૂરા થાય છે. સૌ વિદાય થાય છે. ત્યારબાદ નિયમ પ્રમાણેનો ક્રમ ચાલ્યો અને પૂરો પણ થયો. હરિઃ ૐ

(ક્રમશઃ)



# કબીર–સુધા

ઈશ્વરભાઇ પ્ર. ભક્ત (પરમાર્થી)

પૂ. મા સર્વેશ્વરીએ સર્વસ્વનો ત્યાગ કરી પૂ. યોગેશ્વરજીનું શરણ પકડ્યા પછી માના વાર્તાલાપો સાંભળવાનો મને વારંવાર અવસર મળ્યા કરતો હતો. તેમાં ખાસ કરીને પૂ. યોગેશ્વરજી ચોવીસ કલાક કેવી રીતે ગુજારતા અને પૂ. માના સત્વને તેઓ કેવી રીતે સંસ્કારતા તે પ્રસંગો મને કાયમના યાદ રહી ગયા છે. તે સમયે પૂજ્યશ્રી ભાગ્યે જ દોઢ બે કલાક લાંબા થઇને સૂતા. રાતે એક વાગ્યે તેઓ અચૂક જાગી જતા ને સાથે સાથે પૂ. મા સર્વેશ્વરીને પણ મધુર વચનો બોલીને ઉઠાડતા : "ઉઠો, જાગો! હવે તો તમે ત્યાગી થયાં છો! પ્રભુ સ્મરણમાં લાગી જાઓ! પ્રમાદ ન કરો!" સદ્ગુરુ શિષ્યને ખૂબ જ વાત્સલ્યથી ઘાટ આપવા પ્રયત્ન કરતા હોય છે તેની તે પ્રસંગથી પ્રતીતિ થતી હતી. આજે તે પ્રસંગો જ્યારે જ્યારે યાદ કરું છુ ત્યારે ત્યારે મારા અંતરિયાળે સદ્ગુરુ કબીર સાહેબનાં વચનો પડઘાતાં સાંભળું છું અને મારું મન બંને મહાપુરુષોના ચરણોમાં આળોટીને ધન્યતા અનુભવે છે. બંનેના વાણી વર્તનમાં તે દ્વારા સમાનતાનો મને અનુભવ થયા કરે છે. આંખ મીંચીને ધ્યાન કરવા પ્રયત્ન કરું છું ત્યારે તેઓની વાણી તમને, મને, બધાંને જાણે કે જગાડવા પ્રયત્ન ન કરતી હોય તેવું લાગ્યા કરે છે–

કા સોવો સુમિરનકી બેરિયા?
જિન સિરજા તિનકી સુધિ નાહિ

ઝકત ફિરો ઝકઝલનિ ઝલરિયા
ગુરુ ઉપદેશ સંદેશ કહત હૈ
ભજન કરો ચડિ ગગન અટરિયા!
કા સોવો સુમિરનકી બેરિયા?

અર્થાત્ હે જીવ, તું પ્રભુસ્મરણ કરવાની વેળાએ હજી કેમ સૂઈ રહ્યો છે? તારું સર્જન જેણે કર્યું છે તેનું તો તને ભાન નથી અને બધિબધ બની ઠનીને વાણીવિલાસ કરતો ફર્યા કરે છે! ગુરુજનોના ઉપદેશનો સારસંદેશ તો ધ્યાનમગ્ન બની પ્રભુભજન કરવાનુ જ કહે છે! છતાં પણ તું હજી સૂઈ રહ્યો છે?

મહાપુરુષોની કરુણા એ રીતે જીવો પર વરસ્યા કરતી હોય છે પણ જીવ તો પ્રમાદી છે, આળસુ છે, જગતની મોહિનીમાં તે ફસાયેલો છે. તેથી તે સાંભળ્યું ન સાંભળ્યું કરીને શ્વાસ લેતો જણાય છે! તે પોતાના મદના નશામાં જ હોય છે! તેની ચાલ બેતાલ હોય છે. તેની તાણ સાવ એકતરફી હોય છે. તેવા જીવોને જાણે ઢંઢોળતા હોય તેમ કબીર સાહેબ ચેતવે છે–

સુમિરન બિન ગોતા ખાઓગે
મુઠ્ઠિ બાધી ગર્ભસે આયે, હાથ પસારે જાઓગે!
જૈસે મોતી ફરત ઓસકે બેર ભયે ઝર જાઓગે!
જૈસે હાટ લગાવે હટવા સૌદા બિન પછતાઓગે!
કહૈ કબીર સુનો ભાઇ સાધો સૌદા લેકર જાઓગે!

અર્થાત્ આ સંસારમાં પ્રભુસ્મરણ વિના તો હે જીવ, તું ગોથાં જ ખાઇશ! તું ગર્ભવાસમાંથી બાંધી મુઠ્ઠીએ તો બહાર આવ્યો છે પણ જતી વખતે તો તું હાથ પહોળા કરીને જ જશે. તારી શોભા તો ઝાકળનાં બિંદુ જેવી છે, સમય થતાં તે નષ્ટ થઇ જશે. તેવી જ



રીતે તું પણ એકાએક ખરી પડશે! તેં જગતના બજારે ભલે દૂકાન માંડી છે, પણ તને એકે સોદો ન મળશે ત્યારે તું જરૂર પસ્તાશે! તેથી હે સંતો સાંભળો, પ્રભુસ્મરણ કરશો તો જ આત્મારૂપી ધનની કમાણી કરી શકાશે!

પરંતુ પાર્થિવ પદાર્થોની પ્રાપ્તિમાં જ મશગૂલ બની ગયેલા જીવોની જડતાને આવી પરાવાણી કેવી રીતે અસર કરી શકે? ક્યારેક અસર કરતી જણાય તો સ્મશાન વૈરાગ્યની માફક થોડા સમય માટે જ! સત્સંગમાંથી કે કથામાંથી ઘરે આવતાં આવતાં જ કામચલાઉ કેફ ઉતરી જતો હોય છે અને ફરીથી અસલ સ્થિતિમાં આવી જવાય છે. એ તો પૂ. મા સર્વેશ્વરી જેવી ચતુર ને સભાન વ્યક્તિ જ ટટાર થઇને આવી પરા વાણીનો લાભ લઇ શકે છે. ગૃહત્યાગ પહેલાં જ તેમણે પોતાની જાતને પરમાત્માની ભક્તિમાં જોડી દેવાનો અથાગ પ્રયત્ન કર્યો હતો. હાઇસ્કૂલના આચાર્યની જવાબદારી સ્વીકારી હોવા છતાં પણ તેમણે ચાલુ નોકરીએ કડક વ્રતનિયમોના પાલનથી આધ્યાત્મિક ઇમારતનો પાકો પાયો નાખી દીધો હતો. રોજની અઢીસો માળા કરીને જ પાણી પીવાનું તેમનું વ્રત કંઇ સામાન્ય ન કહેવાય. માત્ર પાશેર દૂધ પીને ત્રણ ત્રણ મહિના સુધી ઉપવાસો કરે, અને છતાં નોકરીમાં સ્હેજ પણ અનિયમિતતા નહીં, એવી દૃઢતા ને મક્કમતા જ તેમને સમર્થ સદ્ગુરુ યોગેશ્વર સુધી ખેંચી ગઇ!

આપણે રહ્યા સામાન્ય જીવ. આપણી પાસે નથી શ્રદ્ધાનું પરિબળ કે નથી હોતી ધ્યેયસિદ્ધિ માટે ખપી જવાની અડગ હિંમત! આપણે તો વગર મહેનતે મળી જાય તેવું ઇચ્છનારા! આપણને તો ખરેખર આધ્યાત્મિક માર્ગ અતિશય કપરો ને કઠિન લાગે છે. આપણને આકર્ષણ છે માત્ર ભૌતિક સમૃદ્ધિનું! આપણા

મનોરથો અને તેને મેળવવાની આપણી લાલસા તથા તાલાવેલી, ભૂલે ચૂકે પણ આપણા હૃદયમાં આવેલી આધ્યાત્મિકતાની ભરતીને ઓટમાં ફેરવી નાખવા માટે પર્યાપ્ત છે. આપણા જેવા સામાન્ય જીવોનું ચિત્ર, કબીર સાહેબની નીચેની સાખીમાં, બહુ સરસરીતે ઉપસી આવે છે :

લંબા મારગ, દૂર ઘર, વિકટ પંથ, બહુ ભાર,
કહ કબીર કસ પાઇએ દુર્લભ ગુરુ દિદાર?

આપણને તો પંથ ઘણો લાંબો લાગે છે. કેટલા જન્મો પછી ત્યાં પહોંચી શકાશે તેની કાંઇ જ ખબર નથી. તે પંથ પર ભૂલે ચૂકે પણ પ્રયાણ કરવાની તૈયારી કરીએ તો પંથની વિકટતા જ આપણને ડરાવી દે છે. આપણું પ્રયાણ ઉંબરામાં જ અટકી પડે છે! મંઝિલ કેટલી દૂર હશે તેની પણ કાંઇ જ ગતાગમ નથી. તે મંઝિલે, તે ઘરે પહોંચ્યા પછી ત્યાં આપણો કાયમનો જ મુકામ હશે એટલે મુક્તિની પ્રાપ્તિ કે પાછું આવવું પડશે તે કોણ કહી શકે? એ બધી વાતો કથામાં કે સત્સંગમાં માત્ર આપણે તો સાભળવાની જ! "બહુ ભાર" એટલે મનોરથોનો ભાર. ભૌતિક સમૃદ્ધિના અને સંસારના ભોગના અનેક મનોરથો આપણને પ્રભુપંથના પ્રયાણને મોકુફ રાખવાનું દબાણ કરે છે. અત્યારે નહીં, બીજા જન્મમાં વિચારીશું એવું કહેતાં પણ આપણે કદી અચકાતા નથી. વાયદો કરવામાં આપણે હોંશિયાર છીએ. આ રીતે વિચારીએ તો આપણી તો કોઇ યોગ્યતા જ નથી!

પરંતુ યોગ્યતા કંઇ વેચાતી મળતી નથી. તેને માટે તો ખાસ્સી મહેનત કરવી પડે છે. શરીરને સભાનપણે કેળવવું પડે છે અને મનને પણ યોગની કેળવણી આપવી પડે છે. હૃદયમાં શ્રદ્ધા ને વિશ્વાસ જગવવા પડે છે. તો જ પૂ. માની માફક આપણે પણ



પ્રકાશના પંથે પ્રયાણ કરી શકીએ. પૂ. મા સર્વેશ્વરી ગુરુની કૃપા પામી શક્યાં તેનું કારણ તેમનો પરમ પુરુષાર્થ. પૂ. માંટોના મૌન મંદિરમાં ક્યારેક સાત દિવસ, ક્યારેક એકવીસ દિવસ તો ક્યારેક એક મહિના સુધી તેમણે અનેકવાર એકાંતવાસમાં રહીને તપશ્ચર્યા કરી હતી. રજાના દિવસોનો તેમણે કરેલો આવો સદ્દુપયોગ તેમની યોગ્યતાને અનેક રીતે વધારનારો થઇ પડયો હતો. તેથી તેમને સદ્દગુરુ યોગેશ્વરજી જેવા સમર્થ સંતગુરુની છાયા મળી હતી અને ગુરુની આજ્ઞા અનુસાર જીવીને તેઓ આજે કબીર સાહેબ વર્ણવે છે તેવી અનુપમ સ્થિતિ પર આસાનીથી આરૂઢ થઇ શક્યાં છે :

સહજ હી ધૂન હોત હૈ હરદમ ઘટકે માંહિ,
સુરત શબ્દ મેલા ભયા મુખકી હાજત નાહિ.

હાજત એટલે આવશ્યકતા. તેમની પરમદશાને વર્ણવવાની કોઇ આવશ્યકતા જ નથી કારણ કે તે સર્વ તેમના વર્તનમાં જ અનુવાદિત થયા કરતી હોય છે. તેમનાં રોમેરોમમાં સહજ રીતે રામનામની રટણાનો ગુંજારવ ચાલ્યા કરતો હોય છે. આત્મતત્ત્વનો અને શબ્દનો એવો તો મેળ તેમના અંતરિયાળે જામી ગયો છે કે મોઢેથી કાંઇ જ કહેવાની આવશ્યકતા રહેતી નથી. આવી સર્વોચ્ચ સ્થિતિ પર પહોંચીને આજે તેઓ લોકસંગ્રહનું જે કાર્ય વિશ્વમાં વિચરણ કરીને કરી રહ્યાં છે તે પણ ગુરુની આજ્ઞાને અનુસરીને જ. તેમની ગુરુભક્તિ અસાધારણ કહેવાય. ગુરુ માટે તેમના હૃદયમાં અતૂટ નિર્વ્યાજ પ્રેમ હતો તેથી જ તેમણે ગાયું છે કે

"મને ગોવિંદ રૂપે ગુરુજી મળ્યા!"

ગુરુમાં જ ગોવિંદનાં દર્શન કરવાની તેમની સિદ્ધિએ તેમને સર્વોત્તમ આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કરવામાં મહત્ત્વની સહાય કરી છે. આધ્યાત્મિક લાભનું સરવૈયું તો તેમણે જાતે જ શ્રી યોગેશ્વર લીલામૃતમાં આ રીતે કાઢી બતાવ્યું છે :

યોગેશ્વર છે ગૌરવ ગૂર્જર દેશનું
સૌના મંગલ કાજે ભગવત રૂપ ધર્યું
કાર્યાન્વિત થઈ શક્તિ ત્રિદેવોતણી
સર્વેશ્વરીનું સર્જન બ્રહ્મા બની કર્યું.
વિષ્ણુ સ્વરૂપે સર્વેશ્વરીને રૂંવે રૂંવે
પાળે પોષે પીવડાવે ઘૂંટ પ્રેમના!
દૂર કરી દેતા ધરી રૂપ મહેશનું
દોષો સઘળા સર્વેશ્વરીના સ્વભાવના!

અર્થાત્ સદ્ગુરુ યોગેશ્વર જ બ્રહ્મા કારણ કે સરોજમાંથી તેણે સર્વેશ્વરી બનાવી! તે જ વિષ્ણુ કારણ કે પ્રેમપૂર્વક અંતરના સદ્ગુણોને પોષીને સર્વેશ્વરીને સાત્ત્વિકતામાં સ્થિર કર્યા! તે જ મહાદેવ કારણ કે સ્વભાવના તમામ દોષોને દૂર કર્યા! મા સર્વેશ્વરીના આવા ભાવાત્મક દર્શનથી આપણને સદ્ગુરુ કબીર સાહેબની પેલી અતિ પ્રસિદ્ધ સાખીને સમજવાની અને માણવાની કેટલી બધી મઝા પડે છે–

ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગૂં પાય?
બલિહારી ગુરુ આપને ગોવિંદ દિયો બતાય!



# યુગ પુરુષ શ્રી યોગેશ્વરજી

નારાયણ હ. જાની

[૧૮ માર્ચની પુણ્યતિથિ પ્રસંગે પ. પૂ. શ્રી યોગેશ્વરજીને આ અમારી સ્મરણાંજલિ છે.]

સંત પુરુષોનું પ્રાકટય સહેતુક હોય છે. પ્રભુની કોઇ ને કોઇ મંગલકારી યોજનાના ભાગરૂપ હોય છે. તેની જાણ ઘણીવાર તેવા મહાપુરુષના હયાતીકાળ દરમ્યાન જનસમાજને થતી નથી. તે પાછળથી થાય અથવા તો તેને સમજાવનારી કોઇ વ્યક્તિ પછી પાકે ત્યારે તેનું મૂલ્ય અને મહાત્મ્ય સમજાય. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ એક સર્વ સમર્થ ઈશ્વરદર્શી સંત હતા અને તેઓ એક પ્રભાવશાળી યુગ પુરુષેય હતા તેની સાચી સમજ તો પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ જનસમાજને કરાવી ત્યારે લોકો કંઈક અંશે સમજી શક્યા.

યુગપુરુષ તેને જ કહી શકાય જે સમાજમાં પ્રચલિત કેટલીક ભ્રાન્ત માન્યતાઓનું ખંડન કરી એક નવી પરિપાટી શરૂ કરે, વિચારોને એક નવો મોડ આપે અને સમાજને ઉપકારક એવા સાચાં મૂલ્યો અને સત્યોને પોતાના જીવનમાં આચરી બતાવે, નવી કેડી કંડાળે–ભલે પછી એ કેડી નાની પગદંડી જેવી ક્યાં નથી હોતી!

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું જીવન ધર્મના ક્ષેત્રમાં કેટલીક રૂઢ માન્યતાઓથી ઉપર ઉઠી, પ્રભુના માર્ગે શી રીતે આગળ વધી શકાય તેનું દર્શન કરાવવા માટે હતું એમ હવે લાગે

છે. આજના વિજ્ઞાનયુગમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે ઈશ્વર શું ખરેખર અસ્તિત્વ ધરાવે છે? જો તે અસ્તિત્વ ધરાવતો હોય તો શું સાકાર સ્વરૂપે તેનું દર્શન આજના યુગમાં થઇ શકે ખરું? આ શંકાઓનું નિરસન ઘણુ મહત્ત્વનું.

મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવનમાંથી એ જોઇ શકાય છે કે ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે અને તેનું સાકાર સ્વરૂપે પણ દર્શન થઇ શકે છે. મા જગદંબા, ભગવાન રામ, શ્રી કૃષ્ણ ભગવાન, ભગવાન બુદ્ધિ, હનુમાનજી, તેમ જ અતીત કાળના તેમ જ આજના યુગના શ્રી વેદવ્યાસ, સંત તુલસીદાસ, સંત જ્ઞાનેશ્વર, મીરાંબાઇ, નરસિંહ મહેતા, શ્રી રામકૃષ્ણ પરમહંસ, મા શારદા, સાઇબાબા, ભગવાન રમણ મહર્ષિ અને મહાત્મા ગાંધીજી જેવા અનેક મહાપુરુષોનાં ઉઘાડી આંખે જાગ્રત અને ધ્યાનાઅવસ્થામાં દર્શનો થયાં છે. તેઓની સાથે વાતચીતો પણ થઇ છે. જે તેઓએ પોતાની આત્મકથા 'પ્રકાશના પંથે'માં નોંધી છે.

તેઓએ સ્પષ્ટપણે લખ્યું છે કે અમારી જે આત્મિક અનુભૂતિઓ છે તેનો અનુભવ કોઇ પણ માનવ કરી શકે તેમ છે. તે કોઇ વ્યક્તિઓ, કોઇ જાતિ કે ધર્મના અનુયાયીઓનો ઈજારો નથી, તે અનુભૂતિઓ કરવા માટે સાચા દિલની, તમન્ના, પ્રબળ પુરુષાર્થ અને સર્વસમર્પણની ભાવના જોઇએ. પ્રભુ માટેનો પ્રબળ પ્રેમ ને પોતાની જાત અને પ્રભુમાં વિશ્વાસ તેમ જ શ્રદ્ધા જોઇએ. ધર્મના એ માર્ગે કરેલું થોડું પણ પ્રયાણ કદી નિષ્ફળ જતું નથી.

ધર્મના ક્ષેત્રમાં એક એવી પણ રૂઢ માન્યતા પ્રચલિત જણાતી કે આ સંસાર ખરાબ છે, તેનો ત્યાગ કરવો જોઇએ તો જ પ્રભુ મળે. ત્યાગી પુરુષો આવા ઉપદેશો આપતા. બાકી સંસારી માણસો



કદી આત્મિક કલ્યાણ સાધી શકે નહિ. પૂ. યોગેશ્વરજીનું જીવન આવી રૂઢ ભ્રાન્ત માન્યતાને પડકારરૂપ છે. તેઓએ પોતાના જીવનદ્વારા એ સાબિત કરી આપ્યું કે કેવળ બાહ્ય ત્યાગ કરવાથી કશું નથી વળતું, કપડું રંગીને બદલવાથી મન કંઇ બદલાતું નથી. સાચો ત્યાગ તો મનથી કરવાનો છે. એ જ્યાં સુધી ના થાય ત્યાં સુધી અધ્યાત્મ માર્ગમાં આગળ વધાતું નથી. એટલે તેઓએ કદી ભગવું પહેર્યું નહિ. તેઓ હરહંમેશ સફેદ ખાદીનાં જ વસ્ત્રો પહેરતા; અને છતાં તેઓ સર્વોચ્ચ આધ્યાત્મિક શિખરો સર કરી શક્યા. જો કે ભગવાં વસ્ત્રો ધારણ કરનારાઓનો તેઓ આદર કરતા.

ત્રીજી મહત્ત્વની વાત એ છે કે પ્રભુપ્રાપ્તિના માર્ગમાં માતા કે પરિવારના સંબંધો બાધક બને છે એવો ખ્યાલ સામાન્ય રીતે પ્રવર્તે છે. તે કંઇક અંશે સાચોય છે. પરંતુ શ્રી યોગેશ્વરજીના જીવનમાં પૂ. માતાજીનું સાન્નિધ્ય કદી સાધનામાં બાધક બન્યું નથી. સંભવ છે કે પૂ. યોગેશ્વરજીની માતાજી પ્રત્યે જોવાની દૃષ્ટિ અને પૂ. માતાજીની સારી આધ્યાત્મિક સમજને પરિણામે તેઓનો સહવાસ પૂ. મહાત્માજીની સાધનામાં બાધક ના બન્યો. પાછલા જીવનના ૩૨ વર્ષો સુધી તેઓએ પોતાના માતાજીને પોતાની સાથે રાખ્યાં. દેશ વિદેશોમાં પણ સાથે યાત્રા કરાવી અને પોતાના હાથે જ તેઓની માંદગીમાં સર્વોત્તમ સેવા કરી. આ નાનીસૂની વાત નથી. પોતાનાં માતાજીને તેઓ જગદંબા સ્વરૂપ જ માનતા. તો પૂ. માતાજી તેમના પ્રત્યે કપિલમુનિ જેવો ભાવ દર્શાવતાં. આમ પરસ્પર એક ઉચ્ચસ્તરીય આધ્યાત્મિક સંબંધનું દર્શન થતું.

આજના સમયમાં લોકો એવું માને છે કે ગુરુ વગર જ્ઞાન નહિ. એ વાત સાચી. પરંતુ સાચા ગુરુ શોધવા ક્યાં? અને ગુરુ

ના મળ્યા હોય ત્યાં સુધી શું હાથ જોડીને બેસી રહેવાનું? આનો જવાબ પૂ. યોગેશ્વરજીએ સરસ રીતે આપ્યો છે. જે દેવમાં, જે મંત્રમાં શ્રદ્ધા હોય તેને પ્રેમથી ભજવા માંડો. સાથે સાથે પ્રભુને પ્રાર્થના રહો કે તે તમોને યોગ્ય માર્ગે દોરે. એનું પરિણામ એ આવશે કે તમારા જીવનમાં કોઈ દેહધારી ગુરુની જરૂર હશે તો પ્રભુ તેને અવશ્ય મોકલાવી આપશે. બાકી તમારો અંતર આત્મા જ તમારો ગુરુ બની તમને દોરતો રહેશે. **आत्मा वै गुरुः ।** આ સૂત્રને તેઓના જીવનમાં પ્રત્યક્ષ થતું આપણે જોયું છે. શ્રી યોગેશ્વરજીએ પોતાના જીવનમાં કોઈ દેહધારીને ગુરુ કર્યા સિવાય આધ્યાત્મિક પ્રગતિ સાધી હતી. ગમે તેવી વ્યક્તિને સમજ્યા જાણ્યા સિવાય ગુરુ તરીકે સ્વીકારી લેવી તેના કરતાં ગુરુ વગરના રહેવું સારું. ગુરુની પસંદગી કરવામાં કદી ઉતાવળ ન કરવી એમ યોગેશ્વરજી હંમેશ કહેતા. આમ છતાં બીજાઓએ કોઈ ગુરુ કર્યા હોય તો તેનો તેઓ કદી વિરોધ ના કરતા. ગુરુઓમાં પણ દીક્ષાગુરુ અને શિક્ષાગુરુ એવા ભેદ તેઓ પાડતા. દીક્ષાગુરુ એક જ હોઈ શકે, શિક્ષાગુરુ ભગવાન દત્તાત્રયની જેમ ઘણા હોઈ શકે.

અને તેઓની સૌથી મહત્ત્વની કોઈ દેન આજના સમાજને હોય તો તેઓનું સાદુ પવિત્ર કર્મનિષ્ઠ જીવન અને જ્ઞાન-યોગ અને ભક્તિની સમન્વયકારી જીવનપદ્ધતિની સાધના છે. ભારતીય સંસ્કૃતિના પ્રાણરૂપ સંસ્કૃત ગ્રંથોને લોકભોગ્ય સરળ ગુજરાતી ભાષામાં અનુવાદિત કરવાનું તેઓનું ભગીરથ પ્રદાન તેઓને સદાય અક્ષરદેહે જીવંત રાખશે એમાં કોઈ શંકા નથી.

આવા પુરુષો વિરલજ પાકે છે, જેઓના વિચાર અને આચરણ વચ્ચે એકરૂપતા હોય. તેઓનું જીવન જ અનેકોને



પ્રેરણા પાનારું બની રહે છે. એને નજર સમક્ષ રાખી જીવનારી વ્યક્તિ માનવમાંથી દેવ બની જાય છે. જ્યાં જન્મી હોય ત્યાં સરસ સુવાસ મૂકી જાય છે. દેશ અને દુનિયાને માટે એનું અવતરણ આશીર્વાદરૂપ ઠરે છે.

વળી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવાં એક વિરલ તપસ્વીની સંતનું પ્રાકટ્ય પણ તેઓની આધ્યાત્મિક સાધનાના પરિપાકરૂપે જ આજની દુનિયાંને મળ્યું છે. તેઓનો આત્મિક પરિચય આપવાનું પુણ્યકાર્ય પણ પૂ. યોગેશ્વરજીએ પોતે કર્યું છે. એ સિવાય સંભવ છે કે પૂ. માની મહાનતા અને મહાત્મ્ય લોકો યથાર્થપણે ના સમજી શક્યા હોત. એટલે આજના દિને પૂ. શ્રી યોગેશ્વરજીનો એ અંગેનો ઋણ સ્વીકાર કરી લેવો જોઈએ.

### ચમત્કારી ઘટના

[પ. પૂ. યોગેશ્વરજી સાથેનો પ્રસાદીરૂપ એક પ્રસંગ અહીં રજુ કર્યો છે.

—તંત્રી]

ઈ. સ. ૧૯૪૭ નો આ પ્રસંગ છે તે વખતે હું મુંબઈમાં સચિવાલયમાં સિનિયર આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. ખાંડ ઉપર તે વખતે કન્ટ્રોલ હતો ને તેનું વિતરણ રેશનીંગ કાર્ડ ઉપર અથવા ખાસ પરમિટ પર થતું. હું તે વિભાગમાં કામગીરી સંભાળતો.

તે દિવસોમાં મને પૂ. શ્રી યોગેશ્વરજીનો સરોડાથી લખેલો પત્ર મળ્યો. તેઓએ એમાં લખ્યું હતું કે જો તમને સમય હોય તો થોડા દિવસ આપણે બ્રહ્મપુરી જઈ શકીએ. પત્ર મળતાં મને અનહદ આનંદ થાય એ સ્વાભાવિક હતું, પરંતુ મને નોકરીમાં રજા મળવાની અને ઘરની થોડી તકલીફો હતી જેથી હું નીકળી

શકું એમ ન હતું. પરંતુ મને તેઓનું એટલું બધું ખેંચાણ રહેતું કે કોઇ પણ સંભવિત પરિણામનો વિચાર કર્યા સિવાય હું બધું મૂકીને ચાલી નીકળતો. નોકરીમાંથી પણ રજા મંજુર કરાવ્યા સિવાય હું સરોડા જવા રવાના થઇ ગયો. મારું આમ ચાલી જવાનું મારા પિતાજી વગેરેને ન ગમે એ સ્વાભાવિક હતું. પણ હું એમ કર્યા સિવાય રહી શકતો નહિ.

હું સરોડા બે દિવસ રોકાયો ને તે પછી પૂ. માતાજી ને મહાત્માજી સાથે અમે બ્રહ્મપુરી આવ્યા. મારાં પત્ની ને મારાં બા તે વખતે ગામ હતાં. તેમને અમારા આમ અચાનક આવવાથી આનંદ થયો.

તે વખતે અમે સાબરકાંઠાનાં બે પ્રખ્યાત તીર્થોની મુલાકાત લીધી. શામળાજીનું પૌરાણિક મંદિર અમે જોયું. અહીં ભગવાન કૃષ્ણની શ્યામ સ્વરૂપની સુંદર મૂર્તિ છે. ડુંગરો અને મેશ્વોના કાંઠે આવેલું આ પુરાણ પ્રસિદ્ધ મંદિર એક વખત ભારે જાહોજલાલીનું સ્થાન હશે, એવું અનુમાન સહેજે એના આસપાસનાં ખંડેરો ઉપરથી આજ્ઞેય થાય છે. આજે તો તે નેશનલ હાઇવે પર ગુજરાત અને રાજસ્થાનને જોડાતા માર્ગ પર હોવાથી, ત્યાં અનેક યાત્રીઓ પ્રવાસીઓ આવે છે, પરંતુ એક તીર્થ તરીકે એનાં ચેતના સભર પરમાણુઓનો પ્રસાદ મેળવવાની ભાવનાથી આવનાર યાત્રિકોની સંખ્યા તો અલ્પ જ રહી છે.

પૂ. યોગેશ્વરજી અમારી સાથે હતા એટલે અમને ઘણો આનંદ આવ્યો. અહીં ભગવાનની પ્રતિમા ચેતનવંતી લાગી. એટલું જ નહિ પરંતુ આ મૂર્તિએ અનેક ભાવિક ભક્તોના જીવનમાં નવું જોમ, નવો ઉત્સાહ પૂર્યો હોવાની વાતો પણ સાંભળવા મળે છે. ખાસ કરી આ મંદિરની આસપાસમાં વસતી મોટાભાગની આદિ-



વાસી વસ્તીના એ એકમાત્ર ઉપાસ્ય દેવ છે ને તેઓ એમનામાં ભારે શ્રદ્ધાભક્તિ ધરાવે છે. અહીં કારતકી પૂર્ણિમા ઉપર ભરાતા એક માસના મેળામાં ઉમટતા આદિવાસી ભાઇબહેનોની સંખ્યા એની પ્રતીતિ કરાવવા માટે પૂરતી છે.

બીજા અમે સ્થાનની જે મુલાકાત લીધી તે ટોરડાનું સ્વામીનારાયણનું મંદિર હતું. એ સંપ્રદાયના મહાપુરુષ ગોપાલાનંદ સ્વામીનું તે જન્મસ્થળ છે. અહીં રાધાકૃષ્ણની જે પ્રતિમાઓ છે, તેની પ્રાણ પ્રતિષ્ઠા એ મહાપુરુષે પોતાના હાથે દૂધ પીવડાવીને કરેલી છે—સારંગપુરના હનુમાનની જેમ. મારાં પત્ની પણ સ્વામીના ઘરમાં જ ઉછરેલાં હોવાથી, તેઓના અનેક પરચાઓનાં સાક્ષી જેવાં છે. સાચા ઉચ્ચકોટિના સંતપુરુષો ભૌતિક શરીરનો ત્યાગ કર્યા પછી પણ પોતાના અનુભવો સાધકોને કે ભાવિકોને આપતા રહે છે—કદીક સ્વપ્નમાં, ધ્યાનમાં કે સમાધિમાં.

શામળાજી તેમજ ટોરડા આવવાનું અમારું પ્રયોજન પૂ. શ્રી પહાડી સ્થળોમાં કોઇક સારા સ્થળે વસી સાધના કરવાનું હતું. પરંતુ તેઓને લીલી વનસ્પતિ કે ઝાડીથી વંચિત ડુંગરો આકર્ષી શક્યા નહિ. તેઓએ હિમાલયમાં ખાસ કરી ઋષિકેશ કે તેના ઉપરના પ્રદેશમાં જોયેલા ડુંગરો જેવા આ ડુંગરો લીલી વૃક્ષ વનરાજીથી ભરચક ન હતા એટલે એમને આ પ્રદેશ સાધના માટેના નિવાસ માટે અનુકૂળ ના લાગ્યો.

બારેક દિવસ રોકાઇ તેઓ પૂ. માતાજી સાથે અમદાવાદ ગયા અને હું મુંબઇ ગયો. મનમાં થોડી ભીતિ હતી કે નોકરીમાં અને ઘરમાં ઠપકો મળશે. વળી રજા મંજુર કરાવ્યા સિવાય આવેલ ને રજા સીલકમાં ન હોવાથી રજાનો પગાર કપાઇ જવાની પણ ભીતિ હતી. એટલે હું મનથી પ્રભુને પ્રાર્થતો હતો કે કોઇ માનસિક

તનાવ પેદા કરે એવી પરિસ્થિતિ ઊભી ન થાય તો સારું.

અને ખરેખર એવું જ થયું. મારા પિતાજીએ ખાલી એટલું જ પૂછ્યું, "શું કંઇ જરૂરી કામ હતું?" મેં કહ્યું, "મહાત્માજી સાથે બ્રહ્મપુરી ગયો હતો." એ સાંભળી એમને આનંદ થયો. પોતે ત્યાં હોત તો વધુ આનંદ આવત એવી ઇચ્છા તેમણે જણાવી. નોકરી ઉપર ગયો તો મારા સુપ્રિન્ટેન્ડન્ટે માત્ર એટલું જ કહ્યું કે, "તમારે જવું હતું તો મને કહીને જવું હતું હું તમને ના ન પાડત." મને થયું, 'હાશ.' પ્રભુકૃપાથી બને ઠપકામાંથી બચી ગયા.

પણ હજી મારે માટે વધારે મોટું આશ્ચર્ય આવવાનું બાકી હતું તેની મને કલ્પના નહિ. મહિનાની આખરે મારો પગાર આકારાઇને આવેલો તે પૂરેપૂરો હતો. મેં આવ્યા કેડે રજા મૂકેલી પણ કોણ જાણે કેમ પણ તેના ઉપર કોઇ કાર્યવાહી થયેલી જ નહિ. એટલે તે આખા મહિનાનો જ પગાર મને મળી ગયો. કેવું આશ્ચર્ય?

પગારના પૂરા પૈસા ઘરમાં આપતાં. મારા પિતાજીને પણ આશ્ચર્ય થયું. મેં કહ્યું, "રજાનો પ્રકાર નક્કી થતાં, વગર પગારની રજા જો થશે, તો પૈસા પાછા આપવાના થશે. હમણાં તો મને આખા માસનો પગાર આપ્યો છે."

પૂ. યોગેશ્વરજીની કૃપાથી જ હું ઠપકાઓમાંથી બચી ગયો અને આર્થિક નુકસાનમાંથી પણ. સરકારી ખાતાંઓમાં કદી સંભવી ન શકે એવી આ વાત હતી. પરંતુ મારા જીવનમાં તે એક ચમત્કારી ઘટનારૂપે ઘટી. પ્રભુ સર્વ કંઇ કરવા સમર્થ છે. એની પ્રતીતિ તેણે અમોને કરાવી. એને ચમત્કાર ગણો કે પછી અકસ્માત્–જે ગણવું હોય તે, પરંતુ એ ઘટના એક વાસ્તવિકતા-રૂપે અમારા જીવનમાં બની, તેની ના શી રીતે પાડી શકાય! □



# ગાંધીજી અને સત્ય

ડો. રણજિત પટેલ (અનામી)

"ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો." (સત્યના પ્રયોગો અથવા આત્મકથા પૃ. ૯) વેદની ઋચા જેવો પવિત્ર, હજ્જારો વર્ષમાં કો'ક સોક્રેટીસ–બુદ્ધ કે મહાવીર ઉચ્ચારી શકે એવો ઊંડા અન્તરમાંથી ઊઠતો, નિરપેક્ષ ને નિઃશેષ સત્યના વિજયનાદ જેવો, નિર્ભેળ સત્યને જ ઈશ્વર માનનાર સત્યેશ્વર મહાત્મા ગાંધીના તપઃપૂત જીવનના પડઘા જેવો આ શબ્દ–બ્રહ્મ–ટંકાર–એ બોલનાર વિભૂતિ અને વિષય–વિષયક, આપણા ચિત્તમાં કેવો તો રોમહર્ષણ અહોભાવ જગવી જાય છે! આ જીવનસત્યના પ્રયોગો કરનારની બ્રહ્માસમાન લેખિનીમાંથી જ આવી સૂત્રાત્મક સનાતન વાણી સંભવી શકે જે વ્યક્તિને નહીં પણ ગુણને–ભાવનાને ઉચ્ચ આદર્શસ્થાને સ્થાપી શકે.

સત્ય અને કર્મના દેવતાઓને યુગપદ્ અવતરવાની ઝંખના જાગી અને તે ગાંધીરૂપે અવતર્યા એમ કોઇ કવિ–હૃદય કે દાર્શનિક કહે તો તેમાં રજમાત્ર અતિશયોક્તિ નહીં પણ કાવ્યજગતની અને વ્યવહારવિશ્વની સત્યોક્તિ છે.

ગાંધીજીના 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' અને પ્યારેલાલ લિખિત મહાત્મા ગાંધી : ધી લાસ્ટ ફેઇઝ' આ ત્રણ ગાંધી વિશ્વરૂપદર્શન અને 'સત્યની રેફરન્સ બુક્સ' જેવા મહાગ્રંથો છે. આત્મકથા

લખવા કાજે નહીં પણ સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા તેમણે 'સત્યના પ્રયોગો' લખ્યા છે, આમાં અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ ઈત્યાદિ વ્રતો નિયમોના પ્રયોગો પણ આવે છે, કિન્તુ વિચાર, વાણી ને આચરણનુ સત્ય જ એમને મન સર્વોપરી છે કેમ કે તેઓ સત્યરૂપી પરમેશ્વરના જ પૂજારી છે અને આ સત્ય તે આપણે કલ્પેલું સત્ય નહીં પણ સ્વતંત્ર–ચિરસ્થાયી સત્ય; એટલે કે પરમેશ્વર જ.

'ગીતાબોધ'નામના ગાંધીજીના નાનકડા પુસ્તકમાં સત્ય, અહીંસા, યજ્ઞ, તપ, દાન આદિ અંગે વિશદ વિચારણા કરવામાં આવી છે ત્યાં ગીતાના સત્તરમા અધ્યાયનું વિવરણ કરતાં તેઓ લખે છે : "વેદોએ બ્રહ્મનું વર્ણન ઓમતત્સતરૂપે કર્યું છે, અને તેથી શ્રદ્ધાળુ યજ્ઞદાનતપ આદિ ક્રિયા એનું ઉચ્ચારણ કરીને કરે. 'ઓમ' એટલે એકાક્ષરી બ્રહ્મ, 'તત્' એટલે તે, 'સત્' એટલે સત્ય કલ્યાણરૂપ. એટલે કે **'ઈશ્વર એક છે, એ જ છે, એ જ સત્ય છે, એ જ કલ્યાણ કરનાર છે.'** વગેરે વગેરે. એ જ પુસ્તકમાં અન્યત્ર લખે છેઃ **મારે વિષે આ સત્યનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યો છું.** અને આપણું વિચારતંત્ર અણિશુદ્ધ રાખીશું તો તે પ્રમાણે આચારને કોઈક દિવસ પહોંચીશું જ."

ગાંધીજીને મન કોઈ પણ વસ્તુ કે વિચાર કાં તો સ્વીકાર્ય, કાં તો ત્યાજ્ય જ હોઈ શકે. શ્રેય વસ્તુનો સત્વરે પુરસ્કાર અને પ્રેમ વસ્તુનો ત્વરિત ત્યાગ આવી એમની જીવનશૈલી હતી. કસોટી ચાહે તેવી આકરી અકારી કે કઠોર હોય તો પણ તે ચલિતચિત્ત થયા નથી કે લીધેલા નિર્ણયમાંથી ડગ્યા નથી. સત્યના કસોટી પથ્થર (Touch-Stone) પર કસતાં કુંદન–કથીરના ભેદ પરખાઈ જતા. અને એમનું સત્ય તે વ્યક્તિગત કે એકાંગી સત્ય નહીં



પણ નિરપેક્ષ અને સર્વાંગીણ સત્ય. કોટીક કિરણોવાળા એ સત્યના સૂર્યની આજુબાજુ અનેક વ્રતોરૂપી ગ્રહો સંવાદ સાધીને નિરંતર ફરતા રહેતા. ધરતીપર તરણું તૂટે તો આકાશનો તારક હલી જાય એવી ભૌતિક 'ઇકોલોજી' સમાન એમની 'આધ્યાત્મિક ઈકોલોજી' હતી. અહિંસામાં અશ્રદ્ધાળુ જીવ સત્ય આચરી શકે નહીં અને બ્રહ્મચર્યનો ભંગ કરનાર અહિંસક રહી શકે નહીં. અસ્તેય અને અપરિગ્રહ વ્રતોમાં અશ્રદ્ધાળુ સત્ય ને અહિંસાના આચરણમાં મોળો પડે કે નિષ્ફળ નીવડે અને આવો જીવાત્મા સર્વોદય કે લોકસંગ્રહ માટે ઊણો ઉતરે.

ગાંધીજીને મન તો સત્યરૂપી મહાવૃક્ષનાં આ બધાં વ્રતો પલ્લવ–પર્ણ કે પુષ્પ–પરિમલ સમાન હતાં. એમના સત્યને કોઈ ભવ્ય મહાલય સાથે સરખાવીએ તો એ બધાં વ્રતો, ઈંટ–સિમેન્ટ ને આરસપહાણ સમાન હતાં જે ભવ્યમહાલયની નક્કરતા અને સદ્ધરતાનાં અપરિહાર્ય અંગ હતાં. ગાંધીજીએ તો સત્યનો હંમેશાં સંવાદી અખિલાઈમાં જ વિચાર કર્યો છે એ એમની અનોખી અને આગવી વિશિષ્ટતા છે.

તો, સત્યરૂપી પરમેશ્વરના આજીવન અઠંગ ઉપાસક એવા આ અવતારી પુરુષને એ સત્યનો રંગ ક્યાંથી લાગ્યો? પૂર્વજન્મના આ સંસ્કાર હશે? પૂર્વજોનો વારસો હશે? સાત્ત્વિક કૌટુંબિક જીવનની આ અણમૂલ દેણ હશે કે આંતરબાહ્ય જીવનમાં સદોદિત અતંદ્ર જાગ્રતિ દાખવનાર સત્યવીરની આ અમોઘ સાધના હશે? 'સત્યના પ્રયોગો'માં આ વિરાટ વટવૃક્ષનાં બીજ જોવા મળે છે. એમના જ શબ્દોમાં સાંભળીને પાવન થઈએ : "આ જ અરસામાં કોઈ નાટક કંપની આવેલ તેનું નાટક જોવાની મને રજા મળી. હરિશ્ચંદ્રનું આખ્યાન હતું. એ નાટક જોતો હું થાકું જ

નહીં. એ ફરી ફરી જોવાનું મન થાય. એમ વારંવાર જવા તો કોણ જ દે? પણ મારા મનમાં મેં એ નાટક સેંકડો વખત ભજવ્યું હશે. હરિશ્ચંદ્રનાં સ્વપ્નાં આવે. 'હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય?' એ ધૂન ચાલી. હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવવી ને સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય. ("આજે મારી બુદ્ધિ સમજે છે કે હરિશ્ચંદ્ર કોઈ ઐતિહાસિક વ્યક્તિ નહીં હોય, છતાં મારે મન હરિશ્ચંદ્ર અને શ્રવણ આજે પણ જીવતા છે. હું આજે એ નાટકો વાંચું તો આજે પણ મને આંસુ આવે એમ માનું છું.")

'બચપણ'ના આ ઊંડા સંસ્કાર પછી, 'વિલાયતની તૈયારી' એ પ્રકરણને અન્તે લખે છે : 'પણ એક વસ્તુએ મનમાં જડ ઘાલી– આ જગત નીતિ ઉપર નભેલું છે. નીતિમાત્રનો સમાવેશ સત્યમાં છે. **સત્ય તો શોધવું જ રહ્યું**. દિવસે દિવસે સત્યનો મહિમા મારી નજર આગળ વધતો ગયો. સત્યની વ્યાખ્યા વિસ્તાર પામતી ગઈ અને હજુ પામતી રહી છે.' (પૃ. ૩૭)

એમના લખાણ માટે એવો દાવો છે કે : "એક પણ શબ્દ મેં વગર વિચાર્યે, વગર તોલ્યે લખ્યો હોય'. આવી જાગ્રતિ એમણે પોતાની રાઈ જેવડી ભૂલને પર્વત સમાન ગણવામાં દાખવી છે અને છતાંયે ઠેઠ સુધી તેઓ કહેતા. 'હું હજી સત્યથી બહુ દૂર છું.' સત્યના પ્રયોગો તેમને માટે કલા અને શાસ્ત્ર સમાન હતા. અને એ કલા–શાસ્ત્રનો તેમણે અહર્નિશ વિકાસ કરેલો. કર્મઠ, ગતિશીલ અને નિત્યનૂતન સાધક તરીકે. અને ગાંધીના સત્યની વિશેષતા એ વાતમાં રહેલી છે કે એમણે એનો વિધેયાત્મક વિનિયોગ વ્યક્તિગત જીવનની સાથે સાથે વિશ્વફલક પર પણ કર્યો. એને વિશ્વવ્યાપક બનાવ્યો; કારણ કે તેઓ માનતા હતા. કે 'મને તો



આખા જીવનમાં બિલકુલ રસ ન રહે, જો મને એમ લાગે કે આ સંસારમાં સંપૂર્ણ પ્રેમ હું પ્રાપ્ત કરી શકું નહીં' અને તે સત્ય અને અહિંસા દ્વારા... આમ તેમના વ્યક્તિગત ચેતોવિસ્તાર દ્વારા, જીવનનાં વિધવિધ ક્ષેત્રોમાં પણ તેમણે ચિરંજીવી મૂલ્યોના પાયા નાખ્યા. એક સામાન્ય વિધાન એવું પણ કરી શકાય કે જીવનનાં સર્વ મૂલ્યોના પાયામાં, એમને મન, સત્ય જ રહેલું છે. અને એટલે જ એમણે કહ્યું, 'મારું જીવન એ જ મારી વાણી.' દક્ષિણ આફ્રિકાના નિવાસ દરમિયાન અને ત્યાંથી હિંદમાં આવ્યા બાદ કેટકેટલા સત્યાગ્રહના પ્રયોગો તેમણે કર્યા છે 'અને એ બધા પ્રયોગોની સફળતા નિષ્ફળતાનો પ્રશ્ન ગૌણ ગણીને તેમણે કેવળ સાધન શુદ્ધિનો વિચાર જ પ્રધાન ગણ્યો છે. ૧૯૧૯ થી ૧૯૨૨ સુધીનો અસહકાર આંદોલનનો ભરતીકાળ હતો ત્યારે પણ ચૌરી– ચૌરા કાંડમાં હિંસાની ગંધ આવતાં અને સાધન સાધ્યશુદ્ધિ વિવેકમાં ન્યૂનતા જણાતાં સમગ્ર દેશને 'રૂક જાવ'નો આદેશ, સત્યના એક સરસેનાપતિ તરીકે સંભળાવ્યો; કારણ કે અસત્ સાધનો દ્વારા પ્રાપ્ત કરેલું દેશનું સ્વાતંત્ર્ય, સત્ય જય અને આત્મ-સાક્ષાત્કારમાં આડે આવતું હતું. આવડું મોટું સત્ય, તે કાળના, પારતંત્ર્યની અતૂટ બેડી તોડવા ઉદ્યુક્ત થયેલા દેશના મોટા નેતાઓને પણ સમજાયું કે જચ્યું નહોતું.' વિરમગામની જકાત–લડત હોય કે ગિરમીટ કાયદાની, ચંપારણની કે અમદાવાદના મિલમજૂરોની, ખેડાની કે રોલેટ કાયદાની, ખિલાફત–પંજાબ ને સ્વરાજની લડત કે 'ક્વિટ ઇન્ડિયા' લડત. સર્વત્ર તેમણે સત્ય અહિંસા ને તપશ્ચર્યા પર આધાર રાખ્યો છે. એક સ્થળે તેઓ કહે છે : 'મારી તપશ્ચર્યાની તો મારી પાસે કશી કિંમત જ નથી. **'મારું સત્ય તો મારું જ છે.'** મારી અહિંસા ઘણી ઉગ્ર છે અને તે બેના

સંગમથી જ જે સત્યાગ્રહ ઉત્પન્ન થાય છે તે ખરેખર અવર્ણનીય છે.' ક્ષુરસ્ય ધારા જેવા આ અક્ષુણ્ણ પ્રદેશમાં, શાંત, સ્વસ્થ અન્તરનો અવાજ એમનો ભોમિયો હતો અને છતાંયે જ્યારે હિમાલય જેવડી ભૂલ થાય તો તત્ક્ષણ તેઓ સત્યવીરની અદાથી કબૂલ પણ કરી દેતા હતા; કેમ જે હિંસા અને અસત્યના રંગે રંગાયેલું કોઈપણ કાર્ય ગાંધીજીએ કર્યું નહોતું."

ગાંધીનું સત્ય એ પોથીમાંનાં રીંગણાં સમાન નહોતું. તેઓ માનતા હતા કે જે એકને માટે શક્ય છે તે સર્વને માટે પણ છે; આથી જ તેમણે સમાજ, ધર્મ અને રાજકારણને પણ આધ્યાત્મિકતાના રંગે રંગવા ત્રણ ત્રણ દાયકા સુધી ભગીરથ પ્રયત્ન કર્યો. ને અન્તે સત્યની શૂળીના શહીદ બન્યા; જો કે સમાજકારણ કે રાજકારણ નિર્મળ અને સિદ્ધાંતનિષ્ઠ બની શક્યાં નહીં તે ગાંધી અને સત્યની મર્યાદા નહીં પણ આપણી નિર્બળતા અને અધોગતિ ગણાય.

'Gandhi's Truth'–'ગાંધીનું સત્ય'માં એના લેખક એરિક્સને "ગાધીજીના અસંપ્રજ્ઞાત માનસના વ્યાપારોનું ઝીણું પૃથક્કરણ કરવાનો મનોવૈજ્ઞાનિક પુરુષાર્થ કર્યો છે પણ 'ગાધીજીની સત્યસાધના' નામના ગ્રંથમાં ને લેખમાં, ગાંધીજીના અઠંગ અભ્યાસી પ્રો. ચી. ના. પટેલ લખે છે તે પ્રમાણે 'અસત્ સામેનું આ જીવનપર્યંતનું યુદ્ધ એ ગાંધીજીનો મુખ્ય જીવનપુરુષાર્થ હતો. એને આલેખવામાં અને એનું રહસ્ય સમજાવવામાં એરિક્સન નિષ્ફળ નીવડયા છે એમ મને લાગ્યું છે."

ક્ષર દેહે આજે ભલે ગાંધી ન હોય પણ અક્ષરદેહે તે હુમાપક્ષીની જેમ નિત્યનૂતન જીવન્ત છે. એમનો શાન્ત થયેલો



આત્મા, વિશ્વના કો'ક ને કો'ક ખૂણે સક્રિય છે જ. ગીતાના છઠ્ઠા અધ્યાયના વિવરણમાં એમણે જે કંઈ લખ્યું છે તે એમના જીવન–કાર્યને કેટલું બધું અનુરૂપ ને બંધબેસતું છે!

'સવારના પહોરમાં સૂર્યનારાયણ પોતાનો ઉદ્ધાર કરે છે.'

યોગારૂઢ થઈને આવે છે;

અને સંધ્યાને સમયે શાન્ત થાય છે.

સૂર્ય ખરેખર શાન્ત થાય છે?

'હું મરીશ ત્યારે પણ થોડો જ શાન્ત થવાનો છું?' ઈશ્વર, સત્ય અને ગાંધીને કોણ શાન્ત કરી શકે?

મનને સુશાંત રાખવું, તપવું નહિ લગાર;
ઉચિત હોય તે બોલવું, પૂરો કરી વિચાર. નાથભગવાન્
IS:10001
ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## * વિજોગે રુદિયો વલવલે... *

મારા રુદિયામાં રહે મારો નાથ,
આંખોથી કેમ આઘો રે,
સચરાચરમાં છે એનો જ વાસ,
વિજોગે રુદિયો વલવલે.
મારો જનમોજનમનો છે સાથી રે,
મારું મનડું મળવા તલસે રે,
એની પ્રીતની રીત અનોખી રે,
ચિત્ત ચોરીને રણછોડ થાય.
મારા ગુરુજીનો વાસ સરગમાં રે,
ગુરુ વિના જ્ઞાન મને કોણ આપે,
કેમ કરી પામવા ગુરુજીના આશિષ રે,
મારી અરજી કોણ પહોંચાડે?
ગુરુ મારા આવી મારગડો બતાવો રે,
મારા ત્રિવિધ તાપને ટાળો,
મારા અંધારા વેગે ઊલેચો રે,
મારા નાથને સાથમાં લાવો.
મારા ગુરુજી ને ગોવિંદ પધારે રે,
મારા ભવોભવના પાપ મિટાવે,
પ્રેમભક્તિની જ્યોત જગાવે રે,
શરણાગતને શરણમાં રાખે,
આનંદે હૈયું હરખે રે.

— હરબાળા દવે, પોરબંદર.



## * કેમ તરીએ? *

(રાગ : જૂનું તો થયું રે, દેવળ જૂનું તો થયું)

હરિ ભજીએ રે, ગુરુજી પ્રભુ ભજીએ (૨)
ગુરુજી! તમારાં વિના તે અમે કેમ તરીએ? હરિ...
કેમ સહીએ રે! ગુરુજી કેમ સહીએ? (૨)
ગુરુજી! વિજોગની વેદના કેમ સહીએ! હરિ...
કેમ રહીએ રે! ગુરુજી કેમ રહીએ? (૨)
ગુરુજી! છેટાં છેટાં તે અમે કેમ રહીએ? હરિ...
કોને રે કહીએ, ગુરુજી કોને રે કહીએ! (૨)
ગુરુજી! દિલડાનાં દુઃખ તે અમે કોને કહીએ? હરિ...
દાસ દુર્લભ કહે, મારા ગુરુદેવ વ્હાલા (૨)
ગુરુજી! તમારા વિના અમે કેમ તરીએ? હરિ...

— દુર્લભજી ભક્ત (સ્યાદલા)

---

## * શે ભૂલું *

( ગાન )

પ્રભુ, મુખ મધુર શેં ભૂલું?
આર્ત આંખમાં અશ્રુ આવે
કરુણ કાળજે કંઈ કંઈ થાયે
મારગ નહિ મન મુંઝાયે
તવ મંગળ મુખ શે' ભૂલું?
કરમાયેલ કો કુસુમ કિનારી
પાંખડી પ્રેમથી પુકાર પાડે
હૈયું હીંચે ખીલે હાસે
મારગ એ જ દિખાવે
તવ મુખ મધુર શેં ભૂલું? --મધુરમ્

## * વિશ્વાસવિભુમાં મૂકીને *

ભલે પથ તમારી રજનિનો કાળો,
ધરી ધીર ડગ્યા વિના એ પસારો.
નમ્ર જનોને દોરે એક તારો,
સન્માર્ગે શ્રદ્ધા પ્રભુમાંહી પાળો.
ભલે તૂટયો ફૂટયો પથ હો તમારો,
અને અંત એનો આંખે ન ભાળો.
ડગલું જમાવી મજબૂત મૂકો,
સન્માર્ગે વિભુમાં ન વિશ્વાસ ચૂકો.
ટાળો અનીતિ ને છલભાવનાને,
પ્રકાશને ભય નહિ લાગવાને.
હારો કે જીતો એ ચિંતા ચૂકીને,
સન્માર્ગે વિશ્વાસ વિભુમાં મૂકીને.

— વિઠ્ઠલભાઇ મકવાણા (રસાબ્ધિ)

### જરૂરી સુધારો

અધ્યાત્મના ફેબ્રુ. ૯૩ ના અંકના પાના નં. ૨૫ ઉપર પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીજીની ઓડિયો–વીડીઓ કેસેટો વિષે જે નોંધ મૂકવામાં આવી છે, તેમાં શ્રી વિનોદભાઇ કે. પટેલના ઘરનો નંબર ૮૨૨૪ ને બદલે ૮૨૮૪ છપાયો છે. તો તેઓનું સરનામું ફરીથી અત્રે આપવામાં આવે છેઃ–

Vinodbhai K. Patel
8224, Kennedy BLVD, North Bergen,
NJ.-07047, U. S. A.



## પાથેય ✓ આગળનું

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

પરમ પુરુષોનો લૌકિક વ્યવહાર ખરા અર્થમાં અલૌકિક હોય છે. આપણે સમ્યકદૃષ્ટિ કેળવીએ તો જીવનપાથેય દિવ્યપુરુષોનાં દરેક જીવન પ્રસંગોમાંથી સાંપડી રહે છે. અહીં 'પાથેય'ના પ્રસંગોમાં આપણે ઈશસામર્થ્યથી અલંકૃત પરમ પુરુષ પૂ. યોગેશ્વરજીના લીલારમણાના લાલીત્યનું વિરલ દર્શન કરી રહ્યા છીએ.

પૂ. યોગેશ્વરજીના સહજ લૌકિક વ્યવહારોમાં પણ તેમનું વિભૂતિસ્વરૂપ દૃષ્ટિગોચર થતું. ઈશ સામર્થ્ય તેમના જીવનમાં એવું તો વણાયેલું રહેતું કે તેમને ક્યારેય તે પ્રકટ કરવાનું રહેતું નહીં! તેમની સરલતા અને સહજતા એવી હતી કે જનસમાજ તેમનો પરિચય મેળવવામાં ભુલથાપ ખાઇ જતો. ભગવાન રામે વાલીનો વધ કર્યો છતાં પોતાની સમર્થતા કોઇને કળાવા દીધી નહીં. ખૂદ વાલીએ પણ એમ માન્યું કે ભગવાને મને છેતરીને માર્યો. બીજાઓએ પણ એમ માની લીધું કે ભગવાને ઝાડ પાછળથી સંતાઇને બાણ માર્યું એટલે વાલી મર્યો? સંતાઇને તો બીજા પણ વાલીને મારી શક્યા હોત પણ કોઇ તેમ કરી શક્યું નથી, કારણ કે તેમાં આત્મસામર્થ્યની જરૂર પડે છે. વાલીનું નામ સાંભળતાં સુગ્રીવ સહિત સૌ ધ્રૂજી ઉઠતા, પરંતુ ભગવાન રામ ધ્રૂજ્યા નથી. ભયથી પાછા હઠયા નથી. ઝાડ પાછળ સંતાઇને ભગવાન રામે પોતાનું ડરપોકપણું બતાવ્યું નથી પરંતુ દૈવી સામર્થ્યનું અહં છૂપાવ્યું છે. મહાપુરુષોને પોતાની મહાનતાનું પ્રદર્શન ક્યારેય કરવાની લગીરેય ઈચ્છા હોતી નથી. એટલે તો જે તે જમાનાના

લોકો મહાપુરુષોની મહાનતાને ઓળખી તેનો લાભ મેળવી શક્યા નથી. પૂ. યોગેશ્વરજી પણ સમર્થ પરમપુરુષોની પરંપરાના હતા. તેમના સાલસ જીવન વ્યવહારોથી તેમનું વિભૂતિ સ્વરૂપ હમેશાં ઢંકાયેલું રહેતું. ખાદીની ધોતી અને શાલથી ઢંકાયેલા એ શ્રીઅંગમાં પરમશક્તિ પળેપળ પ્રકટ રહેતી! જેઓ પરમ શ્રદ્ધાથી તેમને વળગી રહ્યા તેમને તેઓનાં આ વિભૂતિદર્શનનો લ્હાવો મળી શક્યો! તેમના પરમ સાન્નિધ્યે પરાશક્તિનું વિભૂતિદર્શન સહજ અનુભવાતું!

એક વખત દહેરાદુનથી મસૂરી જતાં તેમના આ આત્મિક સામર્થ્યની અગાધતાની અનુપમ સૌરભ જાણવા મળી. પૂ. યોગેશ્વરજી અને પૂ. મા સાથે બે મોટરમાં દશેક યાત્રીઓ ઉત્તરભારતની યાત્રા દરમ્યાન દહેરાદુનથી મસૂરી જતા હતા. દહેરાદુનથી ૧૪ કિલોમિટર મસૂરીના રસ્તે એક મોટર ખોટકાઇ ગઇ. બગડી ગયેલી મોટરના યાત્રિકોને પૂ. શ્રીએ કહ્યું, "અમે મસૂરી જઇએ છીએ તમે બધા એક વાગ્યે મસૂરી આવી પહોંચજો." અમને બધાને નવાઇ લાગી પરંતુ પૂ. શ્રી તો અમને રસ્તા વચ્ચે છોડીને ગયા! યાત્રામાં પૂ. શ્રી ક્યારેય સાથ છોડતા નહીં. પરંતુ આજે સહજ જ બોલી ઉઠયા કે અમે જઇએ છીએ તમે આવી પહોંચજો! પૂ. શ્રી તો ઉપડી ગયા પરંતુ અમારી હાલત વિચિત્ર હતી! ડ્રાઇવરે તપાસ કરી તો મશીનનો સ્પેરપાર્ટસ તૂટી ગયો હોવાથી કોઇ સંજોગોમાં મોટર ચાલુ થઇ શકે તેમ નહતી! અમે વિમાસણમાં મૂકાઇ ગયા? અમારી મુંઝવણ ભારે એટલા માટે હતી કે પૂ. શ્રીએ કહ્યા પ્રમાણે કોઇ સંજોગોમાં એક વાગ્યે મસૂરી પહોંચી શકાય તેમ નહતું. દહેરાદુનથી ૧૪ કિલોમીટર દૂર રસ્તામાં ખોટકેલી મોટરનું શું કરવું તેજ સમજાતું ન હતું.



અજાણ્યા પ્રદેશમાં અંતરીયાળ અમે એવા તો ફસાયા હતા ક્યાંયથી રસ્તો સૂઝ્તો ન હતો. ખાસ કરીને પૂ. શ્રીએ કહ્યા પ્રમાણે કોઇ સંજોગોમાં એક વાગ્યે મસૂરી પહોંચી શકાય તેમ ન હતું કારણ કે અત્યારે દશ તો વાગવા આવ્યા હતા! અહીંથી મસુરી અઢી કલાકનો રસ્તો હતો. મુંઝવણ એવી ભારે હતી કે પ્રાર્થના કરવાનું પણ સૂઝ્યું નહીં! કોઇ રસ્તો આ મુંઝવણમાં દેખાતો ન હતો. છતાં પૂ. શ્રીએ અમારા માટે રસ્તો શોધી રાખ્યો હતો! અમે જ્યાં મુંઝાઇને ટોળે વળીને ઊભા હતા ત્યાં રસ્તા પાસેના એક મકાનમાંથી એક સદ્‌ગૃહસ્થ અમારી પાસે આવ્યા. અમારી મુંઝવણ જાણી પોતાના જાણીતા મોટર મીકેનીક પર ચિઠ્ઠી લખી આપી. પરંતુ અમારો પ્રશ્ન એ હતો કે મોટરને અહીથી દેહરાદુન કઇ રીતે લઇ જવી? એ ભલા સદ્‌ગૃહસ્થ જાણે પ્રભુના દૂત બનીને આવ્યા હતા! અમારો રસ્તો સરળ કરતાં કહે "અહીંથી દહેરાદુન સુધી રસ્તાનો ઢાળ છે, મોટરને ધક્કો મારી દેશો એવો વગર એન્જીને ચાલતી રહેશે. અમે એ દેવદૂતની આજ્ઞાને અનુસર્યા. સાધકના જીવનમાં જેમ પ્રભુકૃપા ચૂપચાપ કામ કરે છે તેમ અમારી મોટર વગર અવાજે રસ્તા પર દોડતી જાય છે. અમે અંદર બેઠા બેઠા પણ ઓચિંતી વરસેલી પ્રભુકૃપાની વાદળીમાં ભીંજાતા હતા. અમે બહાર નજર કરી તો અમારા આશ્ચર્ય વચ્ચે " દહેરાદુન એક કિલોમીટર"નો માઇલ સ્ટોન નજરે પડયો! પૂ. બાબુભાઇએ તો કહ્યું પણ ખરું કે પ્રભુએ આપણને અહીં ઉંચકીને મૂકી દીધા કે શું? વાતવાતમાં આ તેર કિલોમીટર વગર એન્જીને મોટર કેવી રીતે ચાલી? પૂ. યોગેશ્વરજીની કૃપા વિના આ શક્ય ન બનત તે અમને થોડીવારમાં સ્પષ્ટ સમજાઇ ગયું કારણકે હવે રસ્તાનો ઢાળ પૂરો થતો હતો અને સામે ચઢાણ શરૂ થતું હતું.

એ પરમપુરુષે એક વાગ્યે મસૂરી પહોંચવાનું અમને આપેલું વચન જાણે સત્ય ઠેરવતા હતા! અમે હવે ચઢાણ આવતું હોવાથી નીચે ઉતરી મોટરને એક કિલોમીટર ધક્કા મારીને દહેરાદુન પહોંચાડવાની ચર્ચા કરતા હતા ત્યાં અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો! જેવું ચઢાણ શરૂ થયું કે તરત જ મોટર આપોઆપ ચાલુ થઇ ગઇ તુંટેલું એન્જીન પ્રભુ ચલાવતા હતા એમાં તો હવે શંકા કરવાનું કોઇ કારણ જ ન હતું! મોટર ચાલતી રહી, જાણે અગાધ તોફાની સમુદ્રમાં કૃપાની હોડલી પ્રભુ હકારી જતા હતા! અમારા માટે તો હવે પળેપળે આશ્ચર્યની પરંપરા સર્જાતી રહી! મોટર એકાએક ચાલતી બંધ પડી ગઇ! અમે નીચે ઉતર્યા. પેલા સદ્‌ગ્રહસ્થે મોટર મીકેનીકના આપેલાં સરનામાની ચિઠ્ઠી એક ભાઇને બતાવી. પેલા ભાઇએ કહ્યું કે આ સામે જ તે મોટર મીકેનીકનું ગેરેજ છે. પૂ. યોગેશ્વરજી જાણે પળેપળની પોતાની હાજરી પૂરાવી રહ્યા હતા! અમે એ મહાપુરુષના સામર્થ્યનો સ્પષ્ટ અનુભવ કરી રહ્યા હતા. ઢાળ ચડતાં અમારી મોટર ચાલુ થઈ અને બરાબર ત્યાં જ અટકી જ્યાં પેલા મોટર મીકેનીકનું ગેરેજ હતું! અમે પેલા દેવદૂત સમા સદ્‌ગૃહસ્થની ચિઠ્ઠી મીકેનીકને આપી. ચિઠ્ઠી વાંચતાં જ મીકેનીક તો જાણે ભારે આભારવશ બની ગયો. એક જાદુઇ અસર એ ચિઠ્ઠીની જાણે મીકેનીક પર થઇ! પેલા સદ્‌ગૃહસ્થના કોઇ ઉપકારનો બદલો વાળવા જાણે તે તત્પર બની ગયો! ચિઠ્ઠીમાં લખ્યા પ્રમાણે અમારી મોટર ગેરેજમાં લઇ તપાસી જોઇ પણ તેમાં મોટું રીપેરીંગ કામ હોઇ અમારા માટે તેણે બીજી મોટરની વ્યવસ્થા કરી દીધી! અમે નવી મોટર લઇ તુરત જ મસૂરી જવા રવાના થયા. ફક્ત અડધી કલાકમાં જ અમારી બધી જ મુંઝવણો પ્રભુકૃપાએ ક્લીયર થઇ ગઇ! અમે



મસૂરી પહોંચી એ પરમ પુરુષના શ્રીચરણોમાં પ્રણામ કર્યા ત્યારે બરાબર એક વાગ્યો હતો. એ મહાપુરુષ ઘડિયાળ તરફ જોઇને મંદ મંદ કૃપાહાસ્ય વેરતા હતા!

સમગ્ર પરિસ્થિતિ અને સંજોગો પર પરમપુરુષોનો અસાધારણ કાબુ હોવા છતાં તેના કર્તૃત્વનો ભાર તેઓ રાખતા નથી. સાવ નિઃસહાય પરિસ્થિતિમાં પણ મહાપુરુષોની દિવ્યશક્તિ અદ્‌ભુત અને ઓચિંતી મદદે દોડી આવે છે અને નિરાધાર સ્થિતિમાં પણ ન કલ્પેલો રસ્તો કાઢે છે. તે આપણે આ મસૂરીની યાત્રાના પ્રસંગમાં જોયું! પૂ. યોગેશ્વરજી એની સર્વ સમર્થતાનાં દર્શન આપણે આ પ્રસંગમાં કર્યા પરંતુ તેઓએ આ બાબતમાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. સંકલ્પ માત્રથી સર્વ સંજોગોને પોતાની આણમાં પ્રવર્તાવવાની સમર્થતા પૂ. યોગેશ્વરજી ધરાવતા હતા છતાં તેમના વર્તનમાં ક્યાંય લેશમાત્ર અહંનો અણસારો દેખાતો નહીં. મહાપુરુષોના જીવનમાંથી આ પાથેય બાંધવાનું છે. અંતિમ ધ્યેય સુધી સતત સાધનારત રહીએ પરંતુ સિદ્ધિના પ્રદર્શનમાં વચ્ચે ક્યાંય ફસાઇ ન પડાય તે માટે સાવધાનીનો સૂર આપણને આ પ્રસંગમાંથી સાંપડી રહે છે લોકેષણા પર અસાધારણ કાબુ કેવો હોય તેનું દર્શન આપણને પૂ. યોગેશ્વરજીના આ પ્રસંગમાં થાય છે. સાથે સાથે મહાપુરુષોના શબ્દોમાં કેટલું વજન હોય છે તે વાતની પ્રતીતિ પણ આપણે આ પ્રસંગમાં કરીએ છીએ. મસૂરી જવા માટે છૂટા પડતી વખતે પૂ. શ્રી બોલ્યા હતા કે સૌ એક વાગ્યે મસૂરી આવી પહોંચજો. જે બોલ્યા તે અક્ષરશઃ સત્ય ઠર્યું! વિપરિત અને નિરાધાર સંજોગો વચ્ચે તેમની સંકલ્પ શક્તિએ કેવા આશ્ચર્યજનક કૃપા પ્રસંગો ઊભા કર્યા તેનો અનુભવ અહીં આપણે કર્યો. મહાપુરુષો જે કંઇ બોલે છે તે વજ્રલેપ બની જાય છે. તેની એક બીજી પ્રસંગમાધુરી માણીએ.

હાર્ટએટેકની બીમારી પછી ચારૂલ ફ્લેટ્સમાં પૂ. શ્રી આરામ કરતા હતા ત્યારે ડૉ. હર્ષદભાઇ તેમની સારવાર કરતા હતા. શ્રી હર્ષદભાઇનાં વૃદ્ધ માતા ઘણા સમયથી બીમાર રહેતાં હતાં. તેઓ પોતે ડોક્ટર હોવાથી તેમણે સારવાર કરવામાં કંઇ બાકી રાખ્યું ન હતું. એક વખત પૂ. શ્રીની સારવાર કરતાં તેમણે વિનંતિ કરી કે મારાં માતા સ્વસ્થ થાય તે માટે કંઇક કૃપાપ્રસાદ આપો. પૂ. શ્રીએ સહજ જ પાસે પડેલું ગુલાબનું ફૂલ આપી કહ્યું, "આ ફૂલ તેમના ઓશિકા નીચે રાખજો, પ્રભુ સારું કરશે." ચારેક દિવસ પછી શ્રીહર્ષદભાઇ પાછા આવ્યા ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન હતા! તેમણે કહ્યું કે આપની કૃપાપ્રસાદી પછી મારાં માતા હરતાં ફરતાં થઇ ગયાં છે! શ્રી હર્ષદભાઇએ આશ્ચર્ય વ્યક્ત કરાતં કહ્યું કે આપ અસ્વસ્થ હોવા છતાં બીજાને સ્વસ્થ કેવી રીતે કરી શકો? પૂ. શ્રીએ હસતાં હસતાં કહ્યું અમારી શક્તિને સમય, સંજોગો કે મૃત્યુનાં બંધન હોતાં નથી. પૂ. શ્રીએ વધુ સમજાવતાં કહ્યું કે જેમ તમે ડોક્ટર હોવા છતાં માંદા પડો ત્યારે તમારી ડોક્ટરી વિદ્યા નાશ પામતી નથી, એ અવસ્થામાં પણ તમે માંદા માણસોને માર્ગદર્શન આપી સાજા કરતા રહો છો, તેમ અમારું શરીર સ્વસ્થ હોય કે અસ્વસ્થ પણ અમારી આધ્યાત્મિક શક્તિ તો એવી ને એવી કાર્યરત હોય છે. 'મૃત્યુ પણ એ દિવ્યશક્તિને ક્ષીણ કરી શકતું નથી. આશીર્વાદની અલૌકિક શક્તિથી ડોક્ટર નવાઇ પામ્યા. જ્યાં વિજ્ઞાન થંભી જાય છે ત્યાં પરમશક્તિ અટકી જતી નથી. તેની શક્તિને કોઇ મર્યાદા નથી. સચરાચરમાં વ્યાપેલી એ દિવ્યશક્તિ પરમપુરુષોની આજ્ઞાને અનુસરતી હોય છે.

મહાપુરુષોનું વ્યાવહારિક જીવન પણ એટલું જ આદર્શ હોય છે. વચનપાલન અને સમયપાલનને તેઓ દૃઢતાથી વળગી રહે છે, તેમાં જરાસરખી પણ બેદરકારી રાખતા નથી અને ચલાવતા પણ



નથી. તેમના લૌકિક કે અલૌકિક જીવનમાં ક્યાંય નાનું છીદ્ર કે દંભ દેખાતો નથી.

પૂ. શ્રી એક વખત મોરબી પ્રવચન માટે પધારેલા. એ સત્સંગ સમારોહ દરમ્યાન એક ભાવિકને પૂ. શ્રીના સાન્નિધ્યમાં ધ્યાનમાં બેસવાનો વિરલ યોગ પ્રાપ્ત થયેલો. પૂ. શ્રીએ આ માટે સવારનો આઠ વાગ્યાનો સમય આપેલો. દરરોજ તો પેલા ભાવિક બરાબર આઠ વાગ્યે પહોંચી જતા, પરંતુ એક દિવસ બે મિનિટ મોડા પહોંચાયું. પૂ. શ્રીએ તુરત જ પોતાના રૂમનાં બારણાં બંધ કરી દીધાં! પેલા ભાઇ તો બહાર બેઠા, થોડીવાર પછી બારણાં ખોલતાં જ પૂ. શ્રી બોલ્યા "તમે આજે બે મિનિટ મોડા છો, સમય જાળવવો જોઇએ."

પૂ. શ્રી પોતે સમય સાચવતા અને બીજા પાસે પણ સમય-પાલનનો આગ્રહ રાખતા. સમયની શિસ્ત પાળવાનો આ પાઠ તેમને માટે ધ્યાન જેટલો જ મહત્ત્વનો હતો. સત્સંગ માટે તેમનાં દ્વાર નિયત સમયે ખુલતાં અને નિયત સમયે બંધ થતાં. પ્રવચન સ્થળે ચોક્કસ સમયે પહોંચી જતા અને શ્રોતાઓ જે પણ હાજર હોય તેમની સમક્ષ પ્રવચન શરૂ કરી દેતા. વર્ષો સુધી લેખનકાર્ય પણ નિયમિત કરતા જેને પરિણામે જનસમાજને સોએક જેટલા પ્રેરણાદાયી, વિપુલ આધ્યાત્મિક સાહિત્યનો અનુપમ ને અદ્ભુત ફાલ ધર્યો. મુલાકાત માટે પણ તેમનો નિયત સમય રહેતો. તેમની મુલાકાત માટે સૌને સમાન અધિકાર હતો. વી.આઇ.પી. માટે તેઓ જુદો સમય ફાળવતા નહીં.

અઢારમી માર્ચની આ નવમી પુણ્યતિથિએ પરમ પુરુષના જ્યોતિર્મય જીવનની વિશેષતાઓને વિશેષરૂપે યાદ કરીને અપ-નાવીએ. એ મહાપુરુષનું જીવન જ આપણા સમૃદ્ધ અને સુખી આધ્યાત્મિક જીવનના માર્ગદર્શન માટે હતું! તેમનાં ઉપરોક્ત

લૌકિક તેમ જ અલૌકિક જીવન પ્રસંગોમાંથી વચનપાલન અને સમયપાલનના શિસ્તના પાઠો શીખીએ. આ પુણ્યપ્રસંગે આપણે ફક્ત તેમને યાદ કરવાના નથી, પણ તેમના જેવા બનવાનો સંકલ્પ કરવાનો છે. એ દિવ્યપુરુષને ફક્ત અંજલિ કે સદ્‌ગતિની પ્રાર્થના કરવાનો આ દિવસ નથી પરંતુ તેમણે ચીંધેલા સદ્‌ગતિના રસ્તે આપણે ચાલવાનું છે. આ પુણ્ય અવસરે તેમના દિવ્યપંથે આપણે કેટલા ચાલ્યા તે બતાવી આપવાનો દિવસ છે. આવતી પુણ્યતિથિના ઉમંગભર્યા સ્વાગત માટે આપણે આજથી જ વચનના પાક્કા અને સમયના સાચા આગ્રહી બનીને તેમના યોગ્ય વારસદાર બનવાનો સકલ્પ કરીએ અને શ્રદ્ધા રાખીએ કે—

તારા પ્રભાવે નિભાવ્યો મને, પ્રભુ, આજ લગી પ્રેમ ભેર,<br>
નિશ્ચે મને તે સ્થિર પગલેથી ચલવી પહોંચાડશે ઘેર,<br>
દાખવી પ્રેમળ જ્યોતિની સેર.<br>
પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ.


શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.




# નારી શક્તિ

પ્રાગજી ડોસા

વૈદિકકાળથી નારી શક્તિની આરાધના ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ રહ્યું છે. વેદ, શાસ્ત્ર, ઉપનિષદ, પુરાણોમાં શક્તિ શબ્દનો પ્રયોગ દૈવી, પરાશક્તિ, ઈશ્વરી, નિર્ગુણ અથવા સગુણ એ બ્રહ્મરૂપીણી છે એમ મળે છે. તાંત્રિક વિદ્યાધરો શક્તિને પરાશક્તિની સાથે વિજ્ઞાનાન્દ બ્રહ્મ તરીકે પણ ઓળખાવે છે. મહેશ્વરી, જગદીશ્વરી, પરમેશ્વરી રૂપે દુર્ગા, રાધા, સીતા આદિ પણ નારીની દૈવી શક્તિના રૂપો છે. નિર્ગુણ ઉપાસનામાં આ શક્તિઓ બ્રહ્મવિદ્યા તરીકે અને સગુણ ઉપાસનામાં ભક્તિરૂપ ધારણ કરે છે.

ભક્તિનું એક અનોખું રૂપ ઋગ્વેદના દસમા મંડલના આત્મ–સૂક્તમાં જોવા મળે છે. નારી ધારે તો નારાયણી બની શકે છે તેની કથા છે. એ નારીની ભક્તિ ભગવાન, કોઈ દેવ કે દેવી પ્રત્યે નથી પરંતુ એક પુત્રી તરીકે એના પિતા પ્રત્યે છે.

સંભૃણ ઋષિ ઘરડા અને અંધ હતા. એમની પુત્રી જેનું નામ વાણી હતું તે પિતાની સેવા કરતી. વૃદ્ધની એ લાકડી સમાન હતી. ઋષિ વેદજ્ઞ, બહુશ્રુત, ચારિત્ર્યશીલ અને આત્મચિંતન કરવાવાળા હતા. શક્તિતત્ત્વની ચર્ચા તેઓ એમની પુત્રી વાણી સાથે પણ કરતા. એક વખત ઋગ્વેદના પુરુષસૂક્ત ઉપર ચર્ચા થઈ.

ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।<br>
ऊरु तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

આ વિરાટ સ્વરૂપી પુરુષનું મુખ બ્રાહ્મણરૂપે પ્રગટ થયું. હાથો

ક્ષત્રિયરૂપે, જંઘાઓ વૈશ્યરૂપે અને પગ શૂદ્રરૂપે થયા. તે પછી મન, નેત્ર, પ્રાણ, નાભિમાંથી ઉત્પત્તિ થઇ.

એના ઉપર વાણીએ ચિંતન, મનન કર્યું અને એને પ્રતીતિ થઇ કે 'પિંડે સો બ્રહ્માંડે.' વાણી જાણતી હતી કે જીવાત્મા એટલે ચિન્મય સત્ત્વમાં વ્યક્તિત્વને પ્રાપહ્ત થયેલ, અનંતરૂપ પ્રભુનું આવિર્ભુત થયેલું એક સ્વરૂપ. એની અંદર રહેલો મનોમય ચૈત્યપુરુષ અન્તઃકરણમાં જે કંઇ બનતું હોય છે તે જુએ છે અને તેમાંથી જ્ઞાન મેળવે છે. પોતાની પ્રકૃતિમાં જેમ જેમ વાણી વિકાસ પામે છે અને ઉર્ધ્વમાં જે આદ્યશક્તિ છે તેની જોડે સચેત સંબંધ સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે. ક્રમશઃ પરાશક્તિ પણ અવતરણ કરી વાણીમાં પોતાની ચેતનાને પ્રકટ કરવા ઉત્સુક જણાય છે. વાણીને એની અનુભૂતિ થાય છે અને દિવ્ય ભગવતી માતા સાથે આખરે એકરૂપ થાય છે. વાણીને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.

ઋગ્વેદ આત્મસૂક્તના પહેલા મંત્રમાં વાણી કહે છે :

**ॐ अहं रुद्रेभिर्वसुभिशचरामि अहमादित्यैरुत विश्वदेवैः ।**
**अहं मित्रावरुणोभा बिभर्म्यमिन्द्राम्नी अहमश्विनोभा ॥**

રુદ્ર, વસુ, આદિત્ય અને વિશ્વદેવોના રૂપમાં હું જ વિચરણ કરું છું. હું જ બ્રહ્મરૂપે મિત્ર અને વરુણ બંને દેવોને ધારણ કરું છું. ઈન્દ્ર અને અગ્નિનો આધાર પણ હું જ છું. અશ્વનીકુમારોને પણ ધારણ કરું છું.

આ મંત્ર એવું સૂચવે છે કે મનુષ્ય એનામાં રહેલો બ્રહ્મભાવ ભૂલી ગયો છે. પોતાના મન, પ્રાણ, દેહના અજ્ઞાનભાવને મીટાવી આદ્યશક્તિની દિવ્ય ચેતનાને પોતાનામાં ઉતારી પોતાની માનવ પ્રકૃતિનાં સર્વ કરણોનું રૂપાંતર કરવું. આદ્યશક્તિનો પોતાનામાં



આવિર્ભાવ થાય તો પુરુષ પુરુષોત્તમ બની શકે છે. નારી નારાયણી બને છે.

તે પછી ત્રીજા મંત્રમાં નારાયણી બનેલી વાણી મહત્ત્વની વાણી ઉચ્ચારે છે :

**अहं राष्ट्रो संगमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञिनियानाम् ।**
**तां मां देवा व्ययधुः पुरुत्रा भूरिस्थात्रां भूर्यावेशयन्तीम् ॥**

સંપૂર્ણ રાષ્ટ્રોની સ્વામિની હું છું. મારી ઉપાસના કરે તેને ધન કમાવી આપું છું. મેં બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો છે. વિભૂતિઓમાં હું પ્રથમ છું. પ્રાણીઓમાં જીવરૂપે વસું છું.

આ મંત્રમાં બે વાક્યો બહુ મહત્ત્વનાં છે. 'રાષ્ટ્રોની સ્વામિની હું છું' અને 'પ્રાણીઓમાં જીવરૂપે વસું છું.' એટલે રાષ્ટ્રમાં જે કંઇ બની રહ્યું છે તેની હું સાક્ષી છું. મારા સંતાનો! રાષ્ટ્રની ઉન્નતિ તમારા હાથમાં છે. બીજું વાક્ય બધા પ્રાણીઓમાં હું વસું છું એટલે મને ઓળખવાનો પ્રયત્ન કરો. તમારી કાયાપલટ થઇ જશે.

એના દૃષ્ટાંત રૂપે તે પછીના મંત્રમાં કહે છે **अहं रुद्राय धनुरातनोमि** ત્રિપુરાસુરનો વધ કરવા રુદ્ર તૈયાર થયા ત્યારે એમના ધનુષની પણછ ચડાવવાનું કાર્ય મેં કર્યું હતું. એટલે તમારામાં રહેલા અસુરીભાવને દૂર કરવા તમે કમર કસો તો તમને સહાય કરવા હું તૈયાર છું.

ભારતમાં આવી નારાયણીઓનાં દર્શન લોકોને થયાં હતાં અને હજીયે થાય છે. બંગાલમાં પ્રગટ થયેલા મા આનંદમયીમા, પાંડિચેરીના માતાજી, પૂનામાં હાલ વસી રહેલાં પૂજ્ય ઈન્દિરા માતાજી તથા ઘણા ભક્તોને જેમની કૃપાનો અનુભવ થયેલો છે તે પૂજ્ય સર્વેશ્વરીમા. ■

# હિમાલયના હિમશિખરેથી–પત્ર ગંગા

સમીક્ષક : શ્રી સુરેશભાઇ શાહ, કેનેડા.

[સાહિત્યમાં પત્રલેખનનું સ્થાન અનોખું છે. પૂ. શ્રી યોગેશ્વરજીના ઇ. સ. ૧૯૪૦ થી લખાએલા પત્રો "હિમાલયના પત્રો"નામના સંગ્રહથી પ્રસિદ્ધિ પામ્યા છે. અધ્યાત્મ જગતના જીવનવિકાસમાં રુચિ રાખનારા સાધકજનોને માટે પ્રેરણા તથા પ્રથમદર્શન પુરાં પાડવાના આશયથી લખાએલા આ પત્રો પૂ. શ્રીની હિમાલયના પાવન પ્રવેશની પૂર્વભૂમિકા પૂરી પાડે છે. પત્રોમાં સાધનાત્મક જીવનવિકાસની કેટલીક સેવાપયોગી વાતોનો સમાવેશ થએલો છે. અધિકાંશ પત્રો આપણા અધ્યાત્મના તંત્રશ્રી અને પૂ. શ્રીના બાળસખા તથા સાથે અભ્યાસ કરતા શ્રી નારાયણભાઇ જાનીને લખેલા છે. પૂ. માતાજીને લખેલા પત્રોનો પણ તેમાં ઉલ્લેખ છે.

વિદ્યાર્થી જીવનના ઉત્તમ વિચારો, સ્ત્રી માત્ર જગદંબા સ્વરૂપ છે, ઈશ્વર સાક્ષાત્કાર જીવનનું પરમલક્ષ્ય હોવું જોઇએ, આજની કેળવણી, વિદ્યાવિલાસ, ઈશ્વર ઉપરની અતૂટ શ્રદ્ધા, મા જગદંબાનું જીવનમાં સાંપડતું પ્રેરકબળ અને જીવનના ઘણા પાસાંઓને આવરી લેતા આ અક્ષરદેહની સમીક્ષા અત્રે રજૂ થાય છે. આશા છે કે વાંચકવર્ગ તેને આવકારશે.

પૂ. શ્રી પોતાના પ્રથમ પત્રમાં જણાવે છે કે સમાજમાં એક માન્યતા પ્રચલિત છે કે સંજોગો માણસને પલટાવે છે, પણ અમુક શક્તિ મેળવ્યા પછી માણસ સંજોગોને પોતાને અનુકૂળ બનાવી શકે છે, એ પણ એટલું જ સાચું છે.]



## પત્ર–૧ : સ્ત્રી જગદંબા છે

આધુનિક કેળવણી ઉપર ટીકા કરતાં જણાવે છે કે, જીવનના વિસ્તૃત અને ઉમદા ક્ષેત્રમાં આવી પરીક્ષાઓનું તો જરાય અગત્યનું સ્થાન નથી. ક્યાં જીવનની એ ઊર્ધ્વગામી ભાવના અને ક્યાં આ રાક્ષસી–અરે જરાય પાયા વિનાની એવી પરીક્ષાઓ! કોલેજમાંથી કેળવણી લઈને પ્રતિવર્ષ બહાર પડનારા યુવકને કેળવાયેલા કોણ કહી શકે? વિવેકાનદના વાક્યોને ફરી યાદ કરવાં પડશે? "આ તમારી ડીગ્રીઓ અને પદવીઓ, શું સમુદ્રમાં એટલું પણ પાણી નથી કે આ બધાંની સાથે તેમને પણ એમાં ડુબાવી શકાય?" મારા જીવનમાં આવી કેળવણીને બહુ સ્થાન નથી. મારી કેળવણી પળેપળની છે. પળે પળે તે મને કેળવે છે, ને મને એવી શ્રદ્ધા છે કે મારા જીવનનો કોઈપણ અણધાર્યો પ્રસંગ મારા ઉત્કર્ષ માટે જ હોવો જોઇએ. તે સનાતન શક્તિ–જગન્માતા પર મને સંપૂર્ણ શ્રદ્ધા છે. તેજ મને દોરે છે અંધારી ભેખડો ને ગુફાઓમાં પણ ફૂલની શય્યા પર ચાલતો હોઉં તેમ હું તેની પાછળ પાછળ ચાલ્યો જાઉં છું.

સ્ત્રીમાત્ર પ્રત્યે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતાં જણાવે છે કે સ્ત્રીમાત્ર પરમશુદ્ધ છે, સ્ત્રીમાત્ર જગદંબા છે. સ્ત્રી ન હોત તો પુરુષ જાણત નહિ કે પરમેશ્વર છે.

## પત્ર–૨ : નિરાશા ખંખેરી નાંખો

આપણાં માતાપિતા પુત્ર–પુત્રીને પરણાવી દેવામાં જીવનની ઈતિ કર્તવ્યતા માને છે. પુત્રને પરણાવી દીધો એટલે જગ જીત્યા એવો એમનો ખ્યાલ હોય છે. માબાપ પુત્રના લગ્ન કરી દે છે કેમકે પોતાની પાછળ વંશ ચાલુ રહેતો જોવાને તે બહુ આતુર હોય છે. આપણે પૂછીશું કે લગ્ન કરવાથી પ્રજોત્પત્તિ થવાની જ

છે એવી માબાપને ખાતરી છે? કે લગ્ન કરવાથી જ વંશ રહી શકે છે? અને એવા વંશ શું કામના? કાળના સાગરમાં એમનું મૂલ્ય કેટલું? દયાનંદ ને રામકૃષ્ણને ક્યા વંશજો હતા? તુલસીદાસને સુરદાસને ક્યા પુત્રો હતા? મીરાંને કયી બાલિકાઓ હતી? શું એમનાં નામ જતાં રહ્યાં છે? ઠેકઠેકાણે ફૂલેલી ને ફાલેલી આર્યસંસ્થાઓ, ધર્મપીઠિકાઓ, ને તેમાં ધર્મસ્નાન કરતાં હજારો બાલક–બાલિકાઓ, દયાનંદનાં જ બાલકો નથી? "મીરાં કે પ્રભુ ગિરિધર નાગર" ગાનારી બધી જ કુમારિકાઓ કે માતાઓ મીરાંની જ વારસ નથી?

જીવનમાં, કોઈપણ સંજોગોમાં માણસે નિરાશ ના થવું જોઈએ. કોઈપણ પ્રસંગ મા–જગદંબા જે આપણી આગળ મૂકે તેથી નિરાશ ના થવું. મુશ્કેલ પ્રસંગોમાં પણ સ્મિતને રેલતાં રેલતાં આપણે માર્ગ કાઢીએ ને સૌથી આગળ જઈને ઊભા રહીએ ત્યારે જ આપણી શક્તિ સાર્થક કહેવાય. આપણે નિરાશ થવાનું શું કારણ છે? આપણે કોણ છીએ? આપણે તો સૃષ્ટિના વિધાયક છીએ; વિધિના વિધાતા છીએ. આપણે તો અનંતાનંદ છીએ. આપણને નિરાશા હોય જ નહીં.

### પત્ર–૩ : યોગસાધના

પૂ. શ્રીએ કોલેજમાં ગાંધીજયંતિ વખતે "મારી દૃષ્ટિએ ગાંધીજી" એ વિષય ઉપર વક્તવ્ય આપ્યું તેમાં પ્રથમ ઇનામ મેળવ્યું, પંદર રૂપિયાનાં બાર પુસ્તકો વિલ્સન કોલેજમાંથી મળ્યાં. તેઓ યોગાશ્રમમાં ધ્યાનયોગ શીખ્યા. એકલા હઠયોગ કે રાજ-યોગથી જીવન ઉચ્ચ નથી થતું એ એમની સમજ હતી હૃદયની શુદ્ધિની જરૂરિયાત ઉપર પણ તેઓ એટલો જ ભાર મૂકતા, જેટલો રાજયોગ અને હઠયોગ ઉપર.



તેઓને સફળતાઓ મળતી, માન પણ મળતું, તેઓની વાહ વાહ પણ થતી પણ પૂ. શ્રીને મન તેની કિંમત ન હતી, તેઓના મનને એ પવન પલટાવી શકતો નહીં. એ સફળતા તો માના ચરણમાં ઢળ્યાનું અંશ જેટલું ફળમાત્ર છે એમ પોતે માનતા હતા.

### પત્ર–૪ : સર્વેભદ્રાણિ પશ્યન્તુ

નૂતનવર્ષ વિષે પૂજ્યશ્રી જણાવે છે કે નૂતનવર્ષે નૂતન ભાવનાથી સૌએ પ્રેરાવું જોઈએ. નૂતનવર્ષે જેવી પ્રેરણા, જેવું જોમ ને જેવો ઉત્સાહ હોય છે, તેવો જ ઉત્સાહ, તેવું જોમ અને તેવી પ્રેરણા પળે પળે રહે ત્યારે જ નૂતનવર્ષની સાર્થકતા.

જગતની શાંતિ પ્રત્યે આપણી લેશપણ સહાનુભૂતિ હોય, તો આપણે આપણા અંતરની શાંતિને સાધવા અવશ્ય મથવું જોઈએ. આખું જગત પ્રેમમય બને એ આપણે ઇચ્છતા હોઈએ તો પહેલાં તો આપણા કુટુંબ પર અને આપણાં સંબંધીઓ પર આપણે આપણા પ્રેમનો પ્રવાહ વહેવડાવવો જોઈએ. આ વસ્તુ બરાબર સમજી લેવી જોઈએ કેમકે જગતની શાંતિ માટે મથનારા ને વિશ્વપ્રેમ માટે પ્રયત્ન કરનારાની નિષ્ફળતાનું કારણ એ જ હોય છે કે તેઓ પોતે તે શાંતિ અને તે પ્રેમથી દૂર હોય છે.

### પત્ર–૫ : અરવિંદને પત્ર

પૂ. શ્રી તા. ૨૫ નવેમ્બર ૧૯૪૦ માં વડોદરાથી શ્રી અરવિંદને પોંડીચેરી પત્ર લખે છે અને જણાવે છે કે, "મારી ઉંમર ૧૯ વર્ષની છે. મારી મલિનતા દૂર કરવાની મને તાલાવેલી થઈ ને સત્વસંશુદ્ધિ ત્યારથી જ થતી રહી. પણ તે પછી થોડા જ સમયમાં મારા હૃદયમાં વેદના જાગી. સ્થળે સ્થળે મને આત્મીયતાનો અનુભવ થવા માંડયો ને તે આત્મતત્ત્વમાં એક

થવાની મને તાલાવેલી થઈ. તેના પરિણામે કોઈવાર રોઈ પડાતું, તો કોઈવાર નિદ્રા પણ ના આવતી. પહેલેથી મારામાં કવિતાની રુચિ હતી તે આમ આધ્યાત્મિકતામાં એટલે જગન્માતાની ભક્તિમાં ફેરવાઈ ગઈ. તેનાં દર્શન કરવા મારું હૃદય આતુર થયું. જો કે તેનો અનુભવ મને સર્વત્ર થતો હતો પરંતુ તે મારાં નયન સમક્ષ ખડી થતી ન હતી. એ વસ્તુએ મારી વેદનાને વધારી મૂકી. ત્યાર પછી ઘણી રાત્રિઓ એની ઝંખના કરવામાં ને આત્મશુદ્ધિ કરવામાં જતી.

આ ઝંખના બે વર્ષ પહેલાં ખૂબ જ વધી ગઈ. શરીરમાં કોઈવાર દાહ થતો ને ગરમી બહુ રહેતી, રાતે વસ્ત્રો ના પહેરાતાં. ને ગયે વર્ષે તો એવી પણ રાત્રિઓ ગઈ છે કે જ્યારે લોઢાના પલંગપર ચાંદની રાતમાં હું વસ્ત્ર વિના સૂઈ રહ્યો છું.

મારા મનમાં પૂર્ણ શાંતિ છે, આનંદ છે. હું જ શાંતિને આનંદસ્વરૂપ છું; મુક્ત છું. મને કશામાં મોહ નથી. આજ હું કેટલાય દિવસથી યત્નો કર્યા કરું છું. મને તમારે ત્યાં આવવાની રજા મળશે?

રામકૃષ્ણ પરમહંસ આજે કલકત્તામાં હોત તો તો તેમની પાસે હું ક્યારનોય પહોંચી ગયો હોત. શું એવા કોઈ સિદ્ધ પુરુષની જરૂર નથી? મને તમે ત્યાં રાખી શકશો? જવાબ લખવા કૃપા કરશો. આશ્રમ વિષેની વિગત પણ લખશો. ટિકિટ બીડું છું.

(ક્રમશઃ)



# સર્વસમર્પણ

સંકલન : કનૈયાલાલ ઝીંઝુવાડિયા

(પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમનાં દરેક પ્રવચનમાં આત્મસમર્પણ ઉપર ખૂબ જ ભાર આપતા. ભક્તિમાર્ગમાં આત્મસમર્પણને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલ છે.

ભક્ત નરસિંહ મહેતાએ સમગ્ર જીવન શ્રીકૃષ્ણ પરમાત્માને ચરણે સમર્પિત કરી દીધેલ. પોતે પોતાના જીવનમાં કોઈ પણ જાતનો બોજો રાખ્યો ન હતો. ગમે તેવું સંકટ આવી પડે તો પણ મુખમાંથી એક જ વાત નીકળે કે 'જેવી મારાં પ્રભુની મરજી.' તેમનું સમગ્ર જીવન 'રાધે–કૃષ્ણ' મય બની ગયું હતું. હાલતાં, ચાલતાં દરેક પ્રસંગે તેમના મુખમાંથી 'રાધે–કૃષ્ણ, રાધેકૃષ્ણ' જ નીકળતું. ત્યારે ભગવાને કુંવરબાઈનું મામેરું કર્યું. પિતૃ–શ્રાદ્ધનાં પ્રસંગે માણેકબાઈએ સીધું–સામાન લેવા મોકલ્યા. ઘણાં દુકાનદારે આગલું કરજ પણ આપેલ ન હોવાથી ખાદ્ય સામગ્રી આપવાની ઘસીને ના પાડી દીધી. છેવટે એક વહેપારીએ પ્રથમ ભજન સંભળાવા આગ્રહ કર્યો અને મહેતા ભાન ભૂલી ગયા કે સીધુ સામાન નહિ પહોંચે ત્યાં સુધી રસોઈ નહિ થાય. એમને તો ભજનની લગન લાગી અને એક પછી એક ભજન લલકારવા માંડયા. ત્યારે ભગવાનને થયું કે મારો ભક્ત તો ભક્તિભાવમાં ભાન ભૂલી ગયો છે. હમણાં ભોજનનો સમય થશે અને સમગ્ર નાગરી નાત ભોજન માટે આવશે અને મારાં ભક્તની ફજેતી થશે. ત્યારે પ્રભુએ નરસિંહ મહેતાનું રૂપ લઈ સીધુ–સામાન પહોંચાડયું અને સમગ્ર નાગરીનાતને પોતાના સ્વહસ્તે આગ્રહ કરી કરીને

ભોજન કરાવ્યું અને એટલું જ નહિ પણ જમ્યા પછી દક્ષિણામાં સોનામહોર આપી અને ભક્તની લાજ રાખી.

વેપારી પાસે ગીરવી મૂકેલો 'કેદાર રાગ' છોડાવી નરસિંહ મહેતાને મોતનાં મુખમાંથી બચાવ્યા. નાગરી નાતનાં ઈર્ષાળુ માણસોએ જૂનાગઢના રાજા રા'માંડલિકનાં કાન ભંભેર્યા કે નરસિંહ મહેતા હરિજનોને ત્યાં ભજન કરવા જાય છે અને નાગર સમાજમાં એક જાતનો ભ્રષ્ટાચાર પેદા કરે છે અને ખોટો ઢોંગ કરી લોકોને ભરમાવે છે. માંડલિક નાગરી નાતનાં ઈર્ષાળુ આગેવાનોથી ભરમાઈ જાય છે. રાજા રા'માંડલિક નરસિંહ મહેતાને નઝરકેદ કરે છે અને એવી શરત કરે છે કે 'હું મારો હાર મંદિરમાં ભગવાનની મૂર્તિને પહેરાવું અને મંદિરનાં દ્વારને તાળાં મરાવી દઉં. જો સવાર સુધીમાં તે હાર મારાં ગળામાં પાછો ન આવે તો નરસિંહ મહેતાનું મસ્તક ધડથી જુદું કરી નાંખવામાં આવે.'

મહેતા ખરા ધર્મ સંકટમાં આવી પડે છે. કારણકે પ્રભુ સાથે તેમને કરાર થએલા છે કે કોઇ પણ સમયે તેઓ પ્રભુને યાદ કરે અને 'કેદાર રાગ' ગાય તો જ ભગવાને તેમની વહારે જવું. મહેતા તો સદાય ભજન–કીર્તનમાં મસ્ત રહેતા. કોઇ આજીવિકાનું સાધન હતું નહિ. અને છતાં પોતાના આપણે કોઇ સાધુ–સંત આવે તો તેમના ભોજનનો પ્રબંધ તો કરતા જ. તે રીતે સાધુસંતોને ભોજન કરાવવા સીધા સામાનની જરૂર પડે. પરિણામે તેમણે એક વહેપારી પાસે 'કેદાર રાગ' ગીરવી મૂકેલ. તે વાતથી નાગરી નાતનાં આગેવાનો વાકેફ હતા. તેમને થયું કે નરસૈંયાને બદનામ કરવાનો આથી સારો મોકો નહિ મળે.



રા'માંડલિકે મહેતાને નઝરકેદ કરેલ છે. રાત્રિનો સમય વધારે ને વધારે વીતતો જાય છે. ભગવાનને ભક્તની ચિંતા થાય છે. લક્ષ્મીજી ભગવાનને 'કેદાર રાગ' છોડાવવા આગ્રહ કરે છે. અડધી રાતે ભગવાન નરસિંહ મહેતાનું રૂપ લઇ વેપારીને કરજ લીધેલા પૈસા જમે કરાવી 'કેદાર રાગ' છોડાવે છે અને પૈસા મળ્યાની પહોંચ લખાવે છે. પ્રભુ અંતરિક્ષમાંથી પૈસા મળ્યાની પહોંચ ભક્ત નરસિંહનાં ખોળામાં નાંખે છે. પરોઢિયું થવા આવ્યું છે. માંડલિક દરબાર ભરીને બેઠો છે. પ્રભુએ 'કેદાર રાગ' છોડાવી પોતાને મોતનાં ઘાટમાંથી બચાવી લેવા બદલ પ્રભુનો ઉપકાર માને છે અને 'કેદાર રાગ'માં ભજન દ્વારા પ્રભુને વીનવે છે, કે પ્રભુ સવાર સુધીમાં જો આપની મૂર્તિનાં ગળામાંથી માંડલિકનો હાર માંડલિકનાં ગળામાં નહિ આવે તો મારું મોત સમજજો. ભક્તનાં હૃદયનો પોકાર પ્રભુ સાંભળે છે. મંદિરનાં તાળાં ધડોધડ ખૂલી જાય છે અને મંદિરનાં દ્વાર ખૂલી જતાં મૂર્તિનાં ગળામાંથી રા'માંડલિકનો હાર ઉડતો ઉડતો આવી માંડલિકનાં ગળામાં પડે છે. ઈર્ષાળુ લોકોનાં મોઢાં કાળાં થઇ જાય છે. માંડલિકનો કોપ તેમના ઉપર ઉતરે છે અને ભગવાનનાં આવાં પરમ ભક્તને સતાવવા બદલ પસ્તાવો કરે છે.

વર્ષો પહેલાં વાહનની કોઇ સગવડ નહોતી. માણસો યાત્રાએ સંઘના સમૂહમાં નીકળતાં. રસ્તામાં લૂંટાઇ જવાની ઘણી જ બીક રહેતી. આવાં યાત્રાળુઓ જૂનાગઢમાં આવી ચઢે છે. તેઓ દ્વારિકાપુરી રણછોડરાયનાં દર્શને જઇ રહ્યા છે. પોતાનું જોખમ કોઇ જૂનાગઢમાં રાખે અને તે રકમ દ્વારિકામાં પરત મળે એ માટે પ્રયત્ન કરે છે. ઈર્ષાળુ લોકો નરસિંહ મહેતાનું નામ સૂચવે છે. યાત્રાળુઓ નરસિંહ મહેતાને પોતાની રકમ લઇ તે રકમ

દ્વારિકામાં મળે તેવું લખાણ કરી દેવા વિનવે છે. કોઇ પણ જાતનો આગળ-પાછળનો વિચાર કર્યા વગર મહેતા યાત્રાળુનું જોખમ લઇ લે છે અને દ્વારિકામાં શામળશા શેઠની પેઢીમાંથી તેમને પૈસા મળે તે રીતની હૂંડી લખી આપે છે. ભગવાન ઉપર કેટલો અટલ વિશ્વાસ!

યાત્રાળુંઓ દ્વારિકા પહોંચે છે. તપાસ કરતાં જાણવા મળે છે કે આવી કોઇ પેઢી જ નથી. યાત્રાળુઓને પોતે ઠગાયા હોવાનો ભાસ થાય છે. બીજી બાજુ જૂનાગઢમાં ભક્ત નરસૈંયો પોતે લખેલ હૂંડી સ્વીકારી પોતાની લાજ રાખવા આરાધના કરે છે. હતાશ થયેલા યાત્રાળુઓને ભગવાન સામા મળે છે અને પોતે જ શામળશા શેઠ છે જણાવી હૂંડી સ્વીકારી યાત્રાળુઓને તેમની રકમ ચૂકવી આપે છે. આવું આત્મસમર્પણ હોય તો પ્રભુ કામ કરે.

મીરાબાઇને મારી નાખવા માટે રાણો ઝેર મોકલે છે તો પ્રભુ ઝેરનું અમૃત બનાવી દે છે. એક વાર રાણાએ કરંડિયામાં ભયંકર સાપ મૂકી કરંડિયો મીરાબાઇને મોકલે છે તો પ્રભુ સાપને ફૂલનો હાર બનાવી દે છે.

ભક્ત નરસિંહ મહેતા તથા મીરાબાઇના પ્રસંગો તો પાંચસો વર્ષ ઉપરના છે પરંતુ જલાભગતને કાંઇ બહુ સમય થયો નથી. બહુ બહુ તો સવા સો વર્ષ કે તેથી થોડાં વધારે વર્ષ થયાં હશે.

ભગવાને જલારામ બાપાની કસોટી કરવા માટે વૃદ્ધ સાધુનું રૂપ લીધું છે. જલા ભગત પાસે આવીને પોતાની સેવા માટે જલારામ બાપાનાં પત્ની વીરબાઇની માંગણી કરે છે અને જલાભગત કોઇ પણ જાતનો સંકોચ કે વિચાર કર્યા વગર તરત જ વીરબાઇને વૃદ્ધ સાધુના રૂપમાં આવેલ પ્રભુને સોંપી દે છે.



વીરબાઇ પણ કોઇ જાતની આનાકાની કે દલીલ કે સમાજનો ભય રાખ્યા વગર પતિની આજ્ઞા શિર પર ચઢાવી તે વૃદ્ધ સાધુ સાથે ચાલી નીકળે છે. પરંતુ પ્રભુ વીરબાઇને લઇને જાય ક્યાં? ગામથી થોડે દૂર ગયા પછી પ્રભુ અદૃશ્ય થઇ જાય છે.

આવું આત્મસમર્પણ હોય ત્યારે પ્રભુ દોડી દોડી ભક્તની સહાય કરે તેમાં આશ્ચર્ય શું?

સંસારમાં રહી આવું સમર્પણ કોઇ વીરલા જ કરી શકે.

આપણે વાતવાતમાં કહીએ ખરાં કે 'પ્રભુની ઇચ્છા વગર પાંદડુ પણ નથી હલી શકતું. પર્ભુ રાખે તેમ રહેવાનું છે.' પરંતુ તે કેવળ વાતમાં જ. વ્યવહારમાં કશું જ નહિ.

આપણને કાંઇ મુશ્કેલી હોય તો વૈદ્ય, ડોક્ટર, જ્યોતિષી, અને ભૂવા ભાવાની સહાય મેળવવામાં બાકી રાખતા નથી. છેવટે બધાં જ પ્રયત્નો કરી છુટયા પછી લાચાર થઇ જઇએ છીએ ત્યારે ના છુટકે કહીએ છીએ કે પ્રભુ રાખે તેમ જ રહેવાનું છે.

પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ વિશ્વની એ પરમ શક્તિને માતાના રૂપે ભજી, મા જગદંબાનું તાદાત્મ્ય પ્રામ કર્યું. તેમનું સમગ્ર જીવન મા જગદંબાની ઇચ્છા અનુસાર જ વીતાવ્યું. તેમના જીવનમાં આપણે જોઇ શક્યા કે પૂજ્ય યોગેશ્વરજીમાં સંપૂર્ણ શરણાગતિની ભાવના હતી. તેમનો સમગ્ર જીવન વ્યવહાર મા જગદંબાની ઇચ્છા મુજબ જ ચાલતો.

એવો જ સમર્પિત ભાવ આપણને પરમ વંદનીય મા શ્રી સર્વેશ્વરીના જીવનમાં જોવા મળે છે. હાલ તેમના જીવનનો બધો જ વ્યવહાર એ ગુરુની ઇચ્છા મુજબ ચાલી રહ્યો છે.

પૂ. મા પણ આપણને પ્રભુની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લેવાનો ઉપદેશ આપે છે.

જેના જીવનમાં શ્રદ્ધા જાગી,
હરિ સાચવે તેને હેત ધરી.

જો આપણે પ્રભુમાં પૂરેપૂરો વિશ્વાસ રાખીએ, તે જે સ્થિતિમાં રાખશે તેમાં આપણું મંગલ જ હશે તેવી શ્રદ્ધા રાખીએ તો તે પરમ શક્તિ પણ તમારી તેટલી જ સંભાળ રાખે છે.

કદી સંસારે તમે કંટાળો
સોંપી દો સઘળી જંજાળો,
સોંપી દો જીવન લગામ ત્યાં
મંગલ કરનારો માલીક જ્યાં.

જીવનમાં કોઇ મુશ્કેલીઓ આવી પડે, ઝંઝાવાતો પેદા થાય તો તેની સઘળી ચિંતા પરમાત્માને સોંપી દો. પ્રભુની શરણાગતિ સ્વીકારી લો અને ચિંતા મુક્ત થઇ જાવ. તે જે કરશે તેમાં તમારું મંગલ જ હશે.

સોંપે છે હિસાબ મુનિમ જે
સુખની સૈયામાં પોઢે તે,
એની ચિંતા સઘળી શેઠ કરે
તે તો નિંદ્રા હીન થઇ પડખાં ફરે.

પ્રભુની શરણાગતિ સ્વીકારી બધી જ ચિંતાઓ, જવાબ-દારીઓ તેને સોંપી નિશ્ચિંત થઇ જાવ તો પ્રભુ તમારી ચિંતા કરશે જ. જેમ એક મુનિમ આખા દિવસનો જે કાંઇ હિસાબ-કિતાબ હોય તે સંપૂર્ણ ધન શેઠને સોંપી તિજોરીની તથા પેઢીની ચાવીઓ રાત્રે શેઠને આપી નિશ્ચિંત બની જાય છે અને સુખે ઊંઘી જાય



છે, પરંતુ શેઠને મુનિમે સોંપેલ જોખમથી રાત્રે ઊંઘ પણ નથી આવતી. આખી રાત શેઠને મુનિમે સોંપેલ ધનની ચિંતા રહ્યા કરે છે અને તે ચિંતામાં પડખા ફેરવી ફેરવીને આખી રાત્રિ પસાર કરે છે.

સોંપી દો હિસાબ મુનિમ બની
જીવન આંટી ઘૂંટી સઘળી,
શામળિયો શેઠ ફીકર કરશે,
તમને તે શાંતિ પરમ ધરશે.
સોંપી દો જીવનની બાજી
એ તો સંભાળે બનતાં રાજી,
છુપાવો ના હરિથી તો કંઇ
હળવા બની જાઓ બાળક થઇ.
તો તો હરિ હેતથી સામે કહે,
"અંકે લઇ લઉં છું આજ તને"
અંતરથી કહો 'પ્રભુ તારો છું'
તો હરિ કહે, 'તું મારો છે.'
હરિના બનવામાં મોજ ઘણી,
તે સર્વેશ્વરીએ માણી ઘણી.
જેના જીવનમાં શ્રદ્ધા જાગી
હરિ સાચવે તેને હેત ધરી.

જો આપણે પ્રભુથી કાંઇ જ છુપાવશું નહિ. આપણી જે જે ભૂલો થઇ હોય, કોઇને કાંઇ અન્યાય કર્યો હોય, કોઇની ઉપર ક્રોધ કર્યો હોય, કોઇની સાથે દ્વેષપૂર્ણ વ્યવહાર કર્યો હોય તેનો પ્રભુ પાસે ખુલ્લા હૃદયે એકરાર કરો. જો આપણે પ્રભુ પર શ્રદ્ધા રાખી થોડાં ડગલાં ભરીશું તો પ્રભુ દોડીને આપણને ઊંચકી લેશે અને પોતાના અંકમાં સ્થાન આપશે. આપણે જો પ્રભુ પર શ્રદ્ધા રાખી

જીવન તેમને ચરણે સમર્પિત કરી દઈશું તો પ્રભુ પણ પોતાના સમજી આપણી સઘળી ચિંતા દૂર કરશે જ તેમાં કોઈ શંકા નથી. પરમ વંદનીય મા શ્રી સર્વેશ્વરીએ રચેલ આ ભજનમાં સંપૂર્ણ શરણાગતિની જ વાત છે. જીવનમાં અનેક મુશ્કેલીઓ, ઝંઝાવાતો આવશે પણ તેની ચિંતા પ્રભુ પર છોડી દેશું તો શાંતિ પામશું. મુશ્કેલીમાં પણ તે જીરવવાની શક્તિ મળશે.

●

## * સદ્‌ભાવભરી સહાય *

અધ્યાત્મ માસિકને સદ્‌ભાવ ભરી સહાય મળતી રહે છે, તેમાં પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની અનુપમ વિશેષ કૃપા કામ કરતી જોવામાં આવે છે. એક રીતે પ્રભુની કૃપા જ લેખી શકાય. ફેબ્રુઆરી અને માર્ચ ૯૩ દરમ્યાન મળેલી સહાયની રકમ રૂ. ૨૦૫૪ છે.

આ ઉપરાંત બોલ્ટનના ગ્રાહકો તરફથી પાઉન્ડ ૬૦/૫૦ ભેટના મળ્યા છે. તે બદલ અમે તેઓના આભારી છીએ.

સહાય આપનાર સહુને અભિનંદન અને શુભાશીષ.

— તંત્રી, અધ્યાત્મ



## * પરમ રહસ્ય *

'સાવ ધીમે એક ઉતાવળ મને સ્પર્શ્યા કરે,
ક્ષણ સદીના વ્યાપને હળવેકથી કોર્યા કરે,
એ જ છે કુદરત કરામત એ જ છે એની સકળ;
મિથ્યા બધું લાગે છતાં પણ ચાહના ચાલ્યા કરે.'

## * માન્યતા *

'કોઈ એક જ વાત પર આ મુલ્કનો રિવાજ છે,
પ્રેમનું છે નામ કેવળ પ્રેમનો અંદાજ છે,
સ્વચ્છંદતા આરૂઢ છે ને અશ્વ મુક્તિનો ફરે;
રામના સિતાર પર લંકેશનો રિયાઝ છે!'

## * વૈફલ્ય *

'સૂત્રતા તૂટી સરળતા પણ તૂટી છે,
માનવી છે એ જ, માનવતા ખૂટી છે,
હાથમાં કંઈ પણ હવે ના આવશે;
નોળિયા ને સર્પની આંટી–ઘૂંટી છે!'

— બળવંત ઓઝા (સફર)

## આવો અવસર ફેર ન આવે

આવો અવસર ફેર ન આવે.
માનવજીવન મોંઘું પામી ફોગટ કેમ ગુમાવે?
ઊઠ તજીને આળસ પ્રભુની પ્રીત કરી લે ભાવે,
સાગર સુખનો બની જશે તું, ગુણ જો પ્રભુના ગાવે.
માન્યું મંદિર મુક્તિ તણું આ, જે તેથી પ્રભુ ધ્યાવે,
તેના બંધન તૂટે સઘળાં, શાંતિ સનાતન પાવે.
પ્રેમ તણા મધુરસમાં પાગલ ન્હાયે ને ન્હવરાવે,
ભજી રહ્યો હું, તમેય પ્રભુજી, ભજી લો મને ભાવે.

भगवद्‌गीता किञ्चिदधीता, गङ्गाजललवकणिका पीता।
सकृदपि यस्य मुरारिसमर्चा तस्य यमः किं कुरुते चर्चाम्॥

**અર્થઃ**—જેણે અર્થ તથા તાત્પર્યના જ્ઞાનપૂર્વક શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના થોડા ભાગનું અધ્યયન કર્યું છે, જેણે પવિત્ર ગંગાજળના નાના ટીપાનું તેનું માહાત્મ્ય સમજીને આદરપૂર્વક પાન કર્યું છે, અને જેણે મુરનામના દાનવના શત્રુરૂપ શ્રીકૃષ્ણનું પરમપ્રેમથી પૂજન કર્યું છે, તેને મરણકાળે પકડવાનો યમનો અધિકાર ન હોવાથી તેને પકડવાની ચર્ચા શું યમ કરે છે? મતલબ કે નથીજ કરતા.

— યોગેશ્વરજી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'એમણે પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું.'

'એમની વાણી સાંભળીને મારું મન ખૂબ જ પ્રસન્ન થયું.'

'મારો સઘળો પરિશ્રમ દૂર થયો.'

'મારા અંતરમાં મારી કાર્યસિદ્ધિનો સમય સમીપ આવેલો જોઈને આનંદ આનંદ થઈ રહ્યો.'

'મેં કહ્યું : તમારા દર્શનથી હું ધન્ય થયો. સંસારમાં મનુષ્યોના માથા પર મૃત્યુનો ભય ભમ્યા કરે છે. એ ભયથી કોઈપણ સર્વથા મુક્ત નથી દેખાતું. તમે મારા પર પ્રસન્ન થઈને મને અમર બનવાનું વરદાન આપો.'

'પછી? બ્રહ્માએ શું કહ્યું?' સીતાથી આપોઆપ પૂછી જવાયું.

'બ્રહ્માએ કહ્યું કે સંસારમાં કોઈને પૂરેપૂરું અમરપણું મળવું મુશ્કેલ છે. માટે કોઈ બીજું વરદાન માગી લે.'

'બ્રહ્માના એ શબ્દો સાંભળીને મેં હાથ જોડીને કહ્યું કે તો પછી મને એવું વરદાન આપો કે મને દેવ, દાનવ, દૈત્ય, રાક્ષસ, ગરુડ, નાગ કે યક્ષ કોઈ જ ના મારી શકે. મનુષ્ય જેવાં બીજાં પ્રાણીઓને તો હું તણખલા બરાબર માનતો હોવાથી એમના તરફથી મને જરા પણ ભય નથી દેખાતો.'

'બ્રહ્માજીએ મારી ઈચ્છા પ્રમાણે વરદાન પ્રદાન કરીને કહ્યું કે, મારા તરફથી એક બીજું વરદાન પણ આપતો જાઉં છું. તે તારી તપશ્ચર્યા દરમિયાન અગ્નિમાં હોમેલાં બધાં મસ્તકો ફરી ઉત્પન્ન થઈ જશે, અને જે વખતે જેવું રૂપ ધારણ કરવાની ઈચ્છા હશે તેવું રૂપ તું ધારણ કરી શકશે.'

'મેં એમના આપેલા વરદાનનો સહર્ષ સ્વીકાર કર્યો.'

'એ પછી મારા ભાઈ કુંભકર્ણ તથા વિભીષણને પણ વરદાન આપીને એ વિદાય થયા.'

'આ તો મારી એક પ્રકારની તપશ્ચર્યાની ને મને મળેલા એક જાતના વરદાનની વાત થઈ. પરંતુ એ પછી તો મેં નાનાં મોટાં કેટલાંય તપ કર્યાં છે ને કેટલાંય વરદાન મેળવ્યાં છે. એ બધાંનો ઇતિહાસ કહેવા બેસું તો એનો પાર ના આવે. એને પરિણામે મારી શક્તિ વધી ગઈ છે. મને મળેલા વરદાનને લીધે યુદ્ધમાં મારી સામે કોઈ જ નથી ટકી શકતું. યક્ષ, ગંધર્વ કે દેવની શક્તિ પણ મારી આગળ કશી વિસાતમાં નથી તો રામની શક્તિ શું કામ કરવાની છે? રામ કોઈ ઉપાય કરીને લંકામાં આવી જાય તો પણ એમનો વધ કરતાં મને જરા પણ વાર નહિ લાગે. એમને મગતરાની પેઠે મસળી નાખીશ. આટલી હકીકત જાણ્યા પછી પણ તું તારા ઉદ્ધાર માટે રામના તરફ તાકતી હોય તો તે નકામું છે.'

રાવણના શબ્દો સાંભળીને સીતા ચિંતામાં પડી. એને થયું કે આવા કઠોર સંકલ્પ અને વરદાનવાળા રાવણને રામ કેવી રીતે જીતી શકશે? એના મનમાં સંશય પેદા થયો. પરંતુ એ સંશય થોડી જ વારમાં શમી ગયો.

રામના અદ્‌ભુત, અજોડ પરાક્રમની અનેક ઘટનાઓ, એમની સુખદ સ્મૃતિઓ એની આંખ આગળ હાજર થઈ. એ સ્મૃતિઓ કેટલી બધી અલૌકિક હતી?

એ સ્મૃતિઓ કેટલી બધી અલૌકિક હતી?

અને પોતાના સ્વયંવર વખતની પેલી સુમધુર સ્મૃતિ?

રાવણ એ વખતે ત્યાં હાજર હતો છતાં પણ શંકરના પેલા પ્રતાપી ધનુષ્યને ના ઉપાડી શક્યો.

રામે એને આંખના પલકારામાં, ફૂલની પેઠે ઉપાડી લીધું.

પછી તો પોતે રામના કંઠમાં ભારે સંતોષ અને ઉલ્લાસ સાથે વરમાળા પહેરાવી.

પરંતુ એ પ્રસંગ શું કહી બતાવે છે? એ સુખદ સ્મૃતિ શો સંદેશ આપે છે?



એજ કે રામ રાવણ કરતાં વિશેષ પરાક્રમી છે.

એ વખતે રામની શ્રેષ્ઠતા પુરવાર થઈ ચૂકી છે.

તો પછી વ્યર્થ શંકા તથા ચિંતા કરવાનું શું કારણ છે?

સીતાના અંતરમાં નવો ઉત્સાહ ઉભરાયો. એણે રાવણને ઉદ્દેશીને કહ્યું : 'તને ગમે તેવાં વરદાન મળ્યાં હોય તો પણ તું રામની બરાબરી નહિ કરી શકે.'

'કેમ?'

'આગિયો શું સૂર્ય કે ચંદ્રની બરાબરી કરી શકે છે? કીડી કુંજરની તોલે આવે છે? અને સસલું કદી સિંહ બરાબર બની શકે છે? તારી તથા રામની શક્તિમાં આભજમીનનો તફાવત છે. મારા સ્વયંવરમાં તે સાબિત થઈ ચૂક્યું છે. તે વખતે તારી પાસે વરદાન હતાં તો પણ તારે નાસીપાસ થવું પડેલું.'

રાવણ પહેલાં તો જરાક ડઘાઈ ગયો પરંતુ પછી બોલ્યો : 'એ વખત કરતાં મારી શક્તિ ઘણી વધી ગઈ છે. હવે તારા સ્વયંવર વિના જ તને હરી લાવ્યો ને?'

'તું મને લૂંટારાની પેઠે લઈ આવ્યો એમાં તેં શું પરાક્રમ કર્યું? રામની હાજરીમાં આવ્યો હોત તો તને ખબર પડત કે એમનું પરાક્રમ હજુ પણ તારા કરતાં વધારે છે.'

'એમની અંદર પરાક્રમ છે જ ક્યાં? અને હોય તો પણ મારા કરતાં વધારે તો નથી જ. એમનું સ્વયંવર વખતનું પરાક્રમ તો હવે પલાયન થઈ ગયું છે. અડધું પરાક્રમ તો રાજા દશરથની આજ્ઞાથી રાજ્યશ્રીથી વંચિતથઈને વનમાં આવવું પડયું એને લીધે નષ્ટ થયું અને બીજું અડધું શેષ હતું તે તારામાં મોહાંધ થવાથી તથા તારું હરણ થવાથી જતું રહ્યું. હવે તો તારા વિના નિર્બળ બનીને એ વનમાં રખડી કે રઝળી મરશે એટલું જ પરાક્રમ બતાવી શકશે.'

સીતાએ કહ્યું : 'તારું એ અજ્ઞાન અને મિથ્યાભિમાન માટીમાં મળશે. રામ તારો નાશ નહિ કરે તો પણ તને રણમાં જીતશે તો ખરા જ. તારાં

દુષ્કર્મોનો દંડ આપવા એ વહેલી તકે ગમે તેમ કરીને આવી પહોંચશે. બાકી મને ધમકી આપીને, બીક બતાવીને, તેમજ તારા પરાક્રમની ને વરદાનની વાતો કહીને પ્રભાવિત કરવા માગતો હોય તો ખાંડ ખાય છે. મને તું લેશ પણ પ્રભાવિત નહિ કરી શકે. મારા માર્ગમાંથી હું લેશ પણ વિચલિત નથી થવાની. ભલે મારે મરવું પડે પરંતુ તને તો નહિ જ મળી શકું.'

'એ હઠ જ તને હાનિ કરી રહી છે.' રાવણ બોલી ઉઠયો : 'એ હઠનો વહેલી તકે ત્યાગ કરવામાં જ તારું, મારું, રામનું ને સૌનું કલ્યાણ રહેલું છે.'

સીતા મક્કમતાપૂર્વક બોલી : 'એ વ્રતનો ત્યાગ મારાથી નહિ થઇ શકે. એ હઠ નથી પરંતુ વ્રત છે.'

'તો પછી જોજે કે કોની હઠનો વિજય થાય છે, તારી કે મારી? કોની હઠ ટકે છે તે હું પણ જોઇ લઇશ તથા તને બતાવી દઇશ.'

રાવણ તલવારની મ્યાન પર હાથ રાખીને ચાલી નીકળ્યો.

સીતા પોતાના ભાગ્યને દોષ દેતી અને વેદનાથી વ્યથિત થતી એને જતો જોઇ રહી.

રાવણનું મિથ્યાભિમાન અને અજ્ઞાન એને ચળાવી તો ના શક્યું પરંતુ ચિંતીત જરૂર કરી કરી રહ્યું.

( ક્રમશઃ )

## * ૧. સંપત્તિની લૂંટ *

ક્રોધના આવેશમાં એકદમ ધસી આવીને એક સાધુએ બીજાને કહ્યું, 'બોલ, હવે તને કોણ બચાવી શકે તેમ છે? આ બધું જ લૂંટી લઉં તોપણ હવે મને કોણ રોકે તેમ છે?'

'ઈશ્વર' શાંત સાધુએ ઉત્તર આપ્યો.

'ઈશ્વર? જોઉં છું તે તને કેમ બચાવે છે!' એમ કહીને ક્રોધી સાધુએ નાનાસરખા આશ્રમની બધી જ વસ્તુ લૂંટી લીધી. ને બોલ્યો, 'જો, મેં તને લૂંટી લીધો. મારા કહ્યા પ્રમાણે ના કર્યો તો જો મેં તને લૂંટી લીધો.'

શાંત સાધુએ પ્રત્યુત્તર વાળ્યો, 'લૂંટ કોની થઇ? મારું તો કંઇ જ લૂંટાયું નથી. સંપત્તિ તો તમારી જ લૂંટાઇ છે. મારું તો કંઇ જ લૂંટાયું નથી.' ને તેના શાંત શબ્દોએ ક્રોધી સાધુના જીવનમાં ક્રાંતિ કરી નાખી. તે સાચી શીલની સંપત્તિનો સ્વામી બની ગયો.

## * ૨. નમસ્કારનો નશો *

સમી સાંજે મંદિરના પ્રાંગણમાં એક નવયુવાને પ્રવેશ કર્યો, ને દેવદર્શન કરીને બહાર બેઠેલા પંડિત પાસે જઇને તે ઉભો રહ્યો.

'અરે, તેં મને નમસ્કાર પણ ના કર્યો?' પંડિત તરત બોલી ઉઠયા, 'તને ખબર નથી કે ગામના મોટા મોટા લોકો પણ મને નમસ્કાર કરે છે?'

'પણ તમે આટલા બધા ઉતાવળા કેમ થઇ ગયા?' યુવાને ઉત્તર આપ્યો. 'હું તમારી ધીરજ, નમ્રતા, સમતા ને મહાનતાની કસોટી કરતો હતો.'

ને બે હાથ જોડી મસ્તક નમાવીને તે રવાના થયો.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * ઉપદેશ ને ઉપદેશક *

જ્ઞાનની દીપ્તિથી ભરેલા વદનવાળા એક સંન્યાસીએ એક મંદિરમાં ઉતારો કર્યો. તેની પાસે કેટલાંક નવાં જ નીકળેલાં વેદાંતનાં પુસ્તકો હતાં.

બીજા દિવસથી તેણે ગામમાં કથા કરરા માંડી. ટોળે મળેલા. લોકોને તેણે કહેવા માંડયું કે : 'ભાઈઓ, સૌમાં પરમાત્મા છે. માટે સૌને પ્રેમ કરો, ને સૌ પ્રત્યે સમભાવ રાખી સૌની સેવા કરો. એ રીતે જ તમે સાચું જીવન જીવી શકશો. મનુષ્ય જ નહિ, પણ પશુ, પંખી અને વનસ્પતિને પણ પ્રેમ કરો.'

ટોળે વળેલા લોકોમાંના એકે પૂછ્યું. 'પ્રભુ, તમારે માતા છે? કે તમે અપરિણીત જ રહ્યા છો?' તે યુવાન સંન્યાસીએ ઉત્તર આપ્યો કે 'પોતે પરિણીત છે, ને ઘરમાં પોતાની પત્ની, માતા ને બાળકી પણ છે.'

'ત્યારે તેમનું શું?' લોકોએ એકાએક કહેવા માંડયું, 'તમારા ઉપદેશને તેમને માટે લાગુ ના પાડવાનું કારણ શું?'

ને એ રાતે તે યુવાન સંન્યાસી પોતાની માયાળુ માતા, પ્રેમાળ પત્ની ને બાળકીને યાદ કરીને એકાંતમાં આંસુ સારવા માંડયો.

બીજે દિવસે લોકોએ તેની કથામાં આવીને એ જ વાતનું પારાયણ કરી કહેવા માંડયું કે, 'પ્રભુ, આપનો સંદેશ જો સૌને માટે સાચો હોય, તો પહેલાં તેનો અમલ કરો. તે વિના અમને આગળની કથામાં રસ ભાગ્યે જ પડશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧